# ગુરુ

# માર્ગ અને માર્ગદર્શક

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના

ગુરુ ઉપર પ્રવચન

જ્ઞાન આરાધના અર્થે
સપ્રેમ ભેટ...

*To,*

*From,*

# ગુરુ

# માર્ગ અને માર્ગદર્શક

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના

ગુરુ ઉપર પ્રવચન

# માર્ગ અને માર્ગદર્શક

**: પ્રવચન :**

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ


પ્રકાશક : પારસધામ, મુંબઈ

પ્રથમ આવૃતિ : જુલાઈ , 2015


**: પ્રાપ્તિ સ્થાન :**

PARASDHAM

વલ્લભ બાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ)
મુંબઈ - 400077 • Ph. No.: +91-22-32043232

12/2A, બકુલ બગાન રો,
કોલકત્તા - 700025 • Ph. No.: +91-33-2475003

4, આફ્રિકા કોલોની, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, કાલાવાડ રોડ,
રાજકોટ- 360005 • Ph. No.: +91-281-2577630

PAWANDHAM

B.C.C.I ક્રિકેટ ગ્રાઉન્ડની સામે, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ - 400067 • Ph.No.: +91-22-28093833

ઓલ્ડ પાદરા રોડ, હાથીભાઈ નગર,
વડોદરા - 390007 • Ph.No. +91-265-3293232

6/6 નેતાજી સુભાષ રોડ, મલ્લિક ફાટક પાસે,
હાવડા સાઉથ - 711101. • Ph.No. +91-93390-01757

PAVITRADHAM

પવિત્રધામ જૈન સંઘ-સેટેલાઈટ, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઈટ,
અમદાવાદ - 380015 • Ph.No. 09427325640

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | અભિન્ન દશા – શિષ્યત્વની સાર્થકતા | 09 |
| 2. | ગુરુપૂર્ણિમા શા માટે હોય ? | 26 |
| 3. | સમ્યક્ દશા – ભાવદક્ષિણા | 32 |
| 4. | અભિવ્યક્તિ – પરમ અર્પણતા | 42 |
| 5. | ગુરુપૂર્ણિમા લક્ષ – શૂન્યથી પૂર્ણ | 48 |
| 6. | ચરણથી શરણ – શરણથી પરમ | 55 |
| 7. | સર્વસ્વની પ્રાપ્તિ – શરણં સર્વસ્વમ્ | 74 |
| 8. | જલ બિન મત્સ્ય – ગુરુ બિન શિષ્ય | 81 |
| 9. | અપૂર્વ યોગ | 85 |

# માર્ગ અને માર્ગદર્શક

**શું** આપણી લાઈફમાં 'ગુરુ' છે ? શું આપણે એમના ચરણ અને શરણમાં સમર્પિત છીએ ?

જો હા, તો શું આપણને ક્યારેય વિચાર આવ્યો છે કે આ ભવમાં, આ આત્મા, આ સદ્‌ગુરુદેવ આપણને શા માટે મળ્યાં ? એવું ક્યુ આત્મિક તત્ત્વ એમનામાં છે જે મારા આત્માને એમની તરફ ખેંચી રહ્યું છે ? એમના દર્શન માત્રથી કેમ એવું અનુભવાય છે કે જાણે આપણે એમને જાણીએ છીએ, ઓળખીએ છીએ ?

શું ક્યારેય આવો વિચાર આવ્યો છે ? શું ક્યારેય એના ઉપર ચિંતન-મનન કર્યું છે ?

આવો... આજે કરીએ.

## *ચિંતન કરો...*

એવું તે એમનામાં શું છે જે મને એમની તરફ ખેંચી રહ્યું છે ? એમનામાં એવું ક્યુ તત્ત્વ છે જે સદાય મને એમનામય બનાવી દે છે ? એવી એમની કેવી આત્મિક પરિણતીઓ છે, જેના કારણે મને એક ક્ષણ પણ એમના વિના ગમતું નથી, એમના વિના રૂચતું નથી. એવું તે શું છે એમનામાં કે કોઈપણ

જાતનો સંબંધ ન હોવા છતાં પણ બધાંથી વધારે આત્મિય લાગે છે ? એવું તે શું છે એમના હૃદયમાં કે મને મારૂં સર્વસ્વ એમને અર્પણ કરવાનાં ભાવ થઈ ગયાં ? એમનું એવું તે કેવું આત્મતત્ત્વ છે કે હું મને જ ભૂલી ગયો છું ? એવું તે કેવું એમનું વ્યક્તિત્વ છે કે મારૂં તો અસ્તિત્વ જ ઓગળી ગયું ? શું છે આ ? ? શું આ સંબંધ છે ? સ્નેહ છે ? કે પછી સમર્પણ ભાવ છે ? ? શું છે ?

## ? ચિંતન કરીએ,

અંતરમાંથી ઉઠતા આ પ્રશ્નોના પ્રત્યુતરને જાણવાનો પ્રયત્ન કરીએ. પ્રત્યુતર મળ્યાં પછીની પ્રાપ્તિનો આનંદ કંઈક અલગ જ હશે.

આવો... આજે જાણીએ,

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીને એમના અસીમ ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. પ્રત્યે કેવુ સમર્પણ અનુભવાતુ હશે, એમના જ ભાવોના આધારે, એક પ્રેરણા રૂપે ! !અને પછી આપણે ચેક કરીએ આપણા સેલ્ફને, શું આપણને પણ એવું જ કંઈક ફીલ થાય છે ?

જો હા, તો આપણે આપણા શિષ્યત્ત્વને ખીલવીરહ્યાં છીએ. આપણુ શિષ્યત્ત્વ સાર્થક થઇ રહ્યુ છેં.

GURU

# 1

## અભિન્ન દશા

# શિષ્યત્વની સાર્થકતા



### પ્રથમ મિલન

પહેલીવારના જ દર્શન, પહેલી વાર જ ચરણ સ્પર્શ અને હૃદયમાં ભક્તિનો સ્પર્શ થયો. એક ક્ષણ માટેની એ અમી દૃષ્ટિ.

પ્રથમવારનું જ મિલન છતાં જાણે એમ લાગતું હતું કે, વર્ષોથી નહીં, ભવોથી એમને ઓળખું છું, એમને જાણું છું, એ અનજાન નહીં, આત્મિય છે.

પ્રથમવારનું જ સાંનિધ્ય અને અંતરમાંથી અહેસાસ થવા લાગ્યો જાણે હું એમનો જ અંશ છું, એક અનન્ય શ્રેષ્ઠતા, એક અવર્ણનીય અહેસાસ, એક અલૌક્કિ અનુભૂતિ !!

## ચિંતન કરીએ...

શું આપણને ગુરુ મિલનની પળોમાં આવો કોઈ અહેસાસ થાય છે ?

ગુરુની અમીદ્રષ્ટિ પડતાં જ હૃદયમાં પરમ આનંદ, પરમ શાંતિ, પરમ સંતોષ અનુભવાય છે ?

## અમૂલ્ય ક્ષણ

એમનું પ્રત્યક્ષ સાંનિધ્ય તો એમના આત્મભાવોની પ્રતીતિ કરાવતું હતું પણ એમનું પરોક્ષ સાંનિધ્ય પણ એમના આસપાસ હોવાનો અહેસાસ કરાવે છે. જાણે બે અદ્ર્શ્ય આંખો ન માત્ર મને જોઈ રહી છે પણ મારા પર દિવ્ય કૃપા પણ વરસાવી રહી છે. એક એવું તત્ત્વ, એક રિમોટ કંટ્રોલ જાણે મારા ભાવોને, વિચારોને કંટ્રોલ પણ કરે છે અને કમાન્ડ પણ આપે છે !

મને સદાય એમના પ્રત્યક્ષ સાંનિધ્યની એક તડપ હતી અને સાંનિધ્ય મળે તો એમની દિવ્ય દષ્ટિની અનુપમ ક્ષણની પ્રતિક્ષા રહેતી. માટે જ, કલાક, બે કલાક કે ત્રણ કલાક પણ થાય, પણ મારી દષ્ટિ સદાય એમના તરફ જ રહેતી, મનમાં એમ જ થતું જો હું આસપાસ જોવા ગયો અને એ જ ક્ષણે મારા ગુરુદેવે એમની દષ્ટિ મારા તરફ કરી તો ? ? તો હું કૃપાદ્રષ્ટિની અનુપમ ક્ષણને ખોઈ બેસીશ ! !

## ચિંતન કરીએ...

શું આપણને ક્યારેય ગુરુની દ્રષ્ટિ માટે આવી તડપ જાગી છે ?

શું આપણે ગુરુના સાંનિધ્યમાં બેસીને, ગુરુ તરફ જ આપણી એકાગ્રતા રાખીએ છીએ કે આસપાસના તરફ ? ?

શું ક્યારેય આપણેની એવું ફીલ થયું છે કે હું કૃપાદ્રષ્ટિની અમૂલ્ય ક્ષણ ખોઈ દઈશ તો શું થશે ? ? દિવ્ય અને કૃપા દૃષ્ટિથી વંચિત રહી જઈશ તો ?

## એક દૃષ્ટિની તડપ:

એમની એક દૃષ્ટિ અને એમનું એક મીઠું સ્મિત... ન માત્ર મારા મનને પુલકિત કરતું પણ મારા ભાવોને, મારા વિચારોને પણ પ્રસન્ન અને પોઝીટીવ કરતું અને હા! જે દિવસે કલાકોના સાંનિધ્ય પછી એક નજર ન મળતી ત્યારે અકળામણ થતી હતી, એ અકળામણ, 'મારી સામે કેમ ન જોયું'? એ ભાવથી ન હતી થતી, એ અકળામણ થતી હતી મારા સ્વયંના અવગુણ પ્રત્યે! જે દિવસે મારા ગુરુની નજર મારા પર ન પડે, મારી નોંધ ન લેવાય તે દિવસે મને રીયલાઈઝ થઈ જતું કે નક્કી આજે મારી કોઈ ભૂલ થઈ છે, મારા કોઈ અવગુણથી મારા ગુરુદેવ આજે મારાથી નારાજ છે અને એ અકળામણ મને બેચેન બનાવી દેતી અને મારી અંદરમાં ચિંતન શરૂ થઈ જતું, હું મારી ભૂલોને, મારા દોષોને યાદ કરવા લાગતો, મારી કઈ ભૂલના કારણે આજે હું મારા ગુરુદેવની કૃપા દૃષ્ટિથી દૂર થઈ ગયો છું? ગુરુના સાંનિધ્યમાં હોવા છતાં ગુરુની કૃપા દૃષ્ટિ કેમ મારા પર નથી પડતી ? ?

એક તરફ ભૂલોનું અને દોષોનું નિરીક્ષણ અને એક તરફ પ્રાયશ્ચિત અને આલોચના!! ફરી એવી ભૂલ ન કરવાનો નિશ્ચય અને... અને એક મંદ-મંદ

સ્મિત સાથે પ્રેમ ભરી, અમી ભરી, કૃપા ભરી દૃષ્ટિ મળતી અને મારી શિષ્યત્વની ગાડીને પેટ્રોલ મળી જતું, ગાડી ફુલ સ્પીડમાં દોડવા લાગતી.

**અકળામણ પછીના આનંદનો અનુભવ અનન્ય થતો.**

## ચિંતન કરીએ...

શું ક્યારેય આપણે આવી અકળામણ, આપણી ભૂલ માટે અનુભવી છે ?

હા, અકળામણ જરૂર થઈ હશે પણ એ માટે કે, હું ક્યારનો આવ્યો છું, કેટલાં કલાકથી બેઠો છું પણ ગુરુદેવ તો મારી સામે જોતાં જ નથી, જાણે આ હોલમાં મારી હાજરી ન હોય એમ બિહેવ કરે છે ! !

એક વાર ભૂલોને અને દોષોને શોધવાનો, એને કન્ફેસ કરવાનો અને એનું પ્રાયશ્ચિત કરવાનો પ્રયત્ન કરીશું તો બે ફાયદા થશે.

**આપણો આત્મા નિર્મળ થશે અને આપણને ગુરુની કૃપા ડબલ મળશે.**

## *પ્રકૃતિના દર્શન:*

જ્યારે જ્યારે હું પૂજ્ય ગુરુદેવના દર્શન કરવા જતો ત્યારે ત્યારે એમની પ્રકૃતિના દર્શન કરતો. આકૃતિના દર્શન તો પ્રથમ મિલનની ક્ષણે કર્યાં હતાં અને એ આકૃતિ અંતરમાં અને પલકોમાં સ્થિર થઈ ગઈ હતી. હવે પ્રકૃતિના દર્શન, એમના ભાવોના દર્શન, એમની વિચારધારાના દર્શન કરતો હતો. એમના આત્મભાવોને ઝીલવાનો પ્રયત્ન કરતો હતો. એમની આત્મ રમણતાને અનુભવવાની કોશિશ કરતો હતો અને ત્યારે મને સમજાયું હતું કે,

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ અનેકોની વચ્ચે અનન્ય છે,

બધાંની સાથે હોવા છતાં પોતાની સાથે છે.

બધાં એમની પાસે હતાં પણ એ બધાંની પાસે ન હતાં. બધાં એમના દર્શનમાં લીન હોય, એ આત્મદર્શનમાં તલ્લીન હોય !

## ચિંતન કરીએ...

આપણે ગુરુદેવના દર્શન કરવા જઇએ છીએ ત્યારે એમની આકૃતિના દર્શન કરીએ છીએ કે એમની પ્રકૃતિના ?

એમના બાહ્ય રૂપને જોઇએ છીએ કે એમના આત્મ સ્વરૂપને અનુભવીએ છીએ ?

શું ક્યારેય એમના આત્મ ભાવોને ઝીલવાનો પ્રયત્ન કર્યો છે ?

## *બિંબનું પ્રતિબિંબ :*

મારા હૃદયમાં સદાય એક તલસાટ રહેતો. જો હું મારા ગુરુદેવનો છું તો જેવું એમનું આચરણ એવું જ મારૂં આચરણ કેમ નહીં ? એ ઉચ્ચ કક્ષાના સાધક તો હું કેમ નહીં ? એ લબ્ધિધારી તો હું કેમ નહીં ? એ આટલાં સક્ષમ તો હું કેમ નહીં ? જો એ આસક્તિથી મુક્ત છે તો હું કેમ નહીં ?

જો એ બિંબ છે તો હું એમનું પ્રતિબિંબ છું,

જો એ છાયા છે તો હું એમનો પડછાયો છું,

જો હું એમનો અંશ અને એમનો વંશ છું,

જો એ મારા શ્વાસમાં અને મારા અહેસાસમાં છે,

તો મારે પણ એમના જેવા બનવું છે. જેવી એમની પ્રકૃતિ છે એવી મારી પ્રકૃતિ બનાવવી છે. જેવી એમની વિચારધારા છે એવી મારી વિચારધારા બનાવવી છે, જેવા એ શ્રેષ્ઠ સાધક છે, મારે એવા જ શ્રેષ્ઠ સાધક અને સક્ષમ બનવું છે.

## ? ચિંતન કરીએ...

શું આપણને ક્યારેય એવું ફીલ થયું છે કે આપણે ગુરુદેવના જ અંશ છીએ ? એમનો પડછાયો છીએ ?

શું ગુરુદેવ આપણા શ્વાસમાં છે ?

જ્યારે આવું ફીલ થાય ત્યારે જ એમના જેવા બનવાના ભાવ થાય, ત્યારે જ એમના જેવા બનવાનો પુરુષાર્થ થાય.

**આજે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવના સમયના**
**ઘણા વડીલો પૂજ્ય ગુરુદેવને જોઈને સહજભાવે કહે છે,**
**પૂજ્ય નમ્રમુનિ મ.સા. એટલે જાણે તપસમ્રાટ પૂ. ગુરુદેવની પ્રતિકૃતિ ! !**

## *સાંનિધ્ય સેવા :*

હું જ્યારે મારા ગુરુદેવના સાંનિધ્યમાં રહેતો ત્યારે મારા હૃદયમાં એક ઉપકાર ભાવ, એક સેવા ભાવ રમ્યા કરતો. જેમણે કૃપા કરી મને મોક્ષ

માર્ગની આરાધનામાં આત્મિક ભાવોથી જોડી દીધો છે, જેમણે મને સમ્યક્ સંયમની સાર્થક્તા સમજાવી મહા ઉપકાર કર્યો એમના ચરણ અને શરણમાં રહીને હું હંમેશાં એ જ ઈચ્છતો હતો કે મારા ગુરુદેવ વધુ ને વધુ સમય આત્મભાવમાં રહી શકે. એ માટે એમની દૈહિક ક્રિયાઓમાં હું વધારેમાં વધારે સહાયક બની શકું એ જ લક્ષ્ય રાખતો. મારી નજર એમની આંખો તરફ જ હોય, એમની આંખ ફરે અને મને સમજાય જાય કે અત્યારે એમને લખવા માટે પાટી જોઈએ છે, હમણાં પેનની જરૂર પડશે, એટલે એમના કહેવા પહેલાં જ હું બધું આપી દેતો.

નાની નાની વસ્તુઓ લેવામાં અને શોધવામાં એમની વીસ સેંકડ પણ વ્યર્થ જાય અને એમને આત્મ યોગથી કાય યોગમાં જોડાવું પડે એ મને ન ગમે.

મારા હૃદયમાં સતત એક જ ભાવ રહેતો, એમની આત્મા સાથેની લીંક આવી નાની નાની વાત માટે તૂટે નહીં અને હું એવી ઉત્કૃષ્ટ સેવા અને વૈયાવચ્ચ કરૂં જેથી એ લીંકને એક અતૂટ ગતિ મળે.

## ચિંતન કરીએ...

ગુરુના ચરણમાં આપણને ક્યારેય એમના પ્રત્યે ઉપકાર ભાવ પ્રગટ થયો છે ?

એમની સેવા કરવાના ભાવ થયા છે ?

ક્યારેય એમની આત્મિક સાધનામાં સહાયક બનવાનો વિચાર આવ્યો છે ?

ક્યારેય ગુરુદેવના સંકેતને સમજી, એમના બોલ્યા પહેલાં જ એમનું કાર્ય કરી આપ્યું છે ?

ક્યારેય એમની આત્મા સાથેની લીંક તૂટે નહીં એવી જાગૃતતા રાખી છે ?

## શ્રેષ્ઠના શરણે શૂન્ય:

જેમ જેમ સાંનિધ્યને માણતો ગયો, તેમ તેમ મને અહેસાસ થતો ગયો, કે એમની કરૂણાના કારણે આજે હું કેટલાંય કર્મોથી, કેટલાંય પાપોથી બચી રહ્યો છું. એમના પ્રેમના કારણે, મારો વિશ્વાસ દઢ થઈ ગયો છે કે હું આ ભવ તો સુધારી શકીશ જ પણ મારા ભવોભવ સુધરી જશે. કેમકે, મારા પર વરસેલી એમની કૃપા અનન્ય છે.

જેમ જેમ ગુરુદેવના ભાવોનું, આત્મામાંથી ઉઠતી પરિણીતીઓનું, એમના વિચારોનું દર્શન થતું ગયું, તેમ તેમ એમની શ્રેષ્ઠતાનો અને મારી તુચ્છતાનો અનુભવ થતો ગયો, જેમ જેમ અનુભવ થતો ગયો, તેમ તેમ હું એમના શરણમાં વધારે ને વધારે શૂન્ય બનતો ગયો. જેમ જેમ શૂન્ય બનતો ગયો તેમ તેમ એમની પૂર્ણતાને અનુભવવા લાગ્યો.

મને સમજાય ગયું હતું કે, એમનો આત્મા તપસ્વીનો આત્મા હતો. એમના બાહ્ય તપ કરતાં પણ એમનું આંતરિક તપ વધારે શ્રેષ્ઠ હતું. એમના બાહ્ય જ્ઞાન કરતાં પણ આંતરિક જ્ઞાન વધારે ઉત્તમ હતું. એમના બાહ્ય દર્શન તો શ્રેષ્ઠ હતાં પણ એમનું આત્મિક દર્શન સમ્યક્ દર્શન હતું.

જેમ જેમ એમની શ્રેષ્ઠતાને અનુભવતો ગયો તેમ તેમ, જેવી રીતે સરિતા સાગરમાં સમાય જવા ઉતાવળી બને, આતુર બને તેમ હું એમનામાં સમાય જવા આતુર બનતો હતો, એક મેક થવા ઉત્સુક બનતો હતો અને એ સમયે એવું ફીલ થતું હતું કે મારી અંદરમાં કોઈ એવું તત્વ છે જે મારા વર્તમાનને બદલી રહ્યું છે, મારી પ્રવૃતિઓને અને મારી પ્રકૃતિઓને બદલી રહ્યું છે. મને સદાય એક જ ભાવ રહેતા હું તો મારા ગુરુનો બની ગયો, પણ હું ગુરુનો બનું

એના કરતાં મારા ગુરુ મારા બની જાય !!

**પરમ વિનય અને ઉત્કૃષ્ટ ભક્તિમાં**

**ગુરુને પોતાના બનાવવાની તાકાત હોય છે.**

## ? ચિંતન કરીએ...

આપણને ગુરુદેવ શ્રેષ્ઠ અને આપણે પામર છીએ એવું ફીલ થાય છે ? એ ભાવ લઘુતા ગુણને વિકસાવશે.

ક્યારેય ગુરુના શરણમાં શૂન્ય બનવાનો પ્રયત્ન કર્યો છે ?

એ ભાવ અહંકારને શૂન્ય બનાવશે.

ક્યારેય ગુરુદેવ સાથે ઐક્યતા સર્જવા માટે આતુર બન્યા છીએ ?

એ ભાવ ઈચ્છા મુક્તિ કરાવશે.

ક્યારેય ગુરુદેવની આંતરિક અને આત્મિક શ્રેષ્ઠતાનો અનુભવ કર્યો છે ?

એ ભાવ આત્માને ઉન્નત બનાવશે.

આપણે ગુરુના બન્યા કે ગુરુને આપણા બનાવવાના પ્રયત્નો કર્યાં ?

## *યોગ, સંયોગ કે સંકેત*

મારા મનમાં જ્યારેપ્રશ્નો ઉઠતાં, ત્યારે હું બે હાથ જોડી, વંદના કરી, વિનયપૂર્વક પૂછતો,

હે ગુરુદેવ ! આ તમારી અને મારી યાત્રા ક્યાંથી શરૂ થઈ છે ? આ યાત્રા, જેમાં નથી કાંઈ આપવાનું કે નથી કાંઈ લેવાનું, એકબીજાના... છતાં નહીં એકબીજાના, પાસે છતાં દૂર... દૂર છતાં પાસે ! કેવો છે આ સંબંધ ? આપણું આમ મળવાનું, એ પુણ્યના કારણે યોગ છે ? મારા ભાવોનું સમર્પણ છે કે પછી સૃષ્ટિનો સંકેત છે ?

પ્રત્યુતર મળતો...

હા...પુણ્યનો ઉદય એ આપણા મળવાનો યોગ છે.

તારો સદ્‌ગુરુ પ્રત્યનો ઉત્કૃષ્ટ ભાવ એ તારૂં સમર્પણ છે અને અહીંયાથી મૃત્યુ પામીને, આ દેહથી મુક્ત થઈને મહાવિદેહ ક્ષેત્રમાં પ્રભુના શરણમાં અથવા સ્વયં પ્રભુ બનીને આત્માનું અનંત હિત સાધવું એ સૃષ્ટિનો સંકેત છે. એટલે આપણું મળવું એ યોગ પણ છે, સમર્પણ પણ છે અને સંકેત પણ છે.

## ? ચિંતન કરીએ...

શું આપણને ક્યારેય ફીલ થયું છે કે ગુરુદેવ મળ્યાં એ એક જબરદસ્ત સંકેત છે ?

શું ક્યારેય કલ્પના કરી છે, આપણે ગુરુદેવ સાથે મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામીના શરણમાં છીએ ?

શું ક્યારેય આત્માના અનંત હિતનો વિચાર આવ્યો છે ?

## ગુરુ પ્રેમની અભિવ્યક્તિ,

પ્રેમ... નિઃસ્વાર્થ, અકારણ પ્રેમ એ ભક્તિનો પર્યાય છે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવનો યોગ માત્ર ને માત્ર નવ જ મહિનાનો ! આ નવ મહિનામાં મે મારો પ્રેમ, મારી ભક્તિ, મારા ભાવ ક્યારેય શબ્દોથી વ્યક્ત નથી કર્યાં, પણ એમના સાંનિધ્યમાં જ્યારે એમના આત્મભાવો સાથે મારા ભાવોનું અનુસંધાન થતું, ત્યારે અનાયાસે જ અંતરમાં સ્તવના સ્ફુરિત થવા લાગતી. મારા ભાવો અને મારી ભક્તિ એક લય બની જતી, શબ્દો સૂર બની જતાં અને એ સ્તવના મને મારા ગુરુદેવથી સતત કનેક્ટેડ રાખતી.

**'હે ગુરુદેવ ! તમે મારા અને હું તમારો,**

**તમારી અને મારી પ્રીત જન્મ જન્મની !'**

મારા મનના ભાવો એમના આત્માને સ્પંદિત કરી દેતાં અને પ્રત્યુતર રૂપે એ મૌન મુનિના ચહેરા પર મંદ-મંદ સ્મિત રેલાઈ જતું.

જાણે કહેતાં ન હોય, હા, વત્સ ! તારી ને મારી પ્રીત આ ભવની જ નથી, ભવોભવની છે અને ભવોભવ રહેશે !

એ સ્મિત એટલે જાણે મોક્ષનું પરમ સુખ ! !

ત્યારે તો એનું કારણ ખાસ ન હતું સમજાતું પણ સંશોધન કરતાં એની આખી સાઈન્ટીફીક સીસ્ટમ સમજાઇ ગઇ.

આત્મા જયારે આત્મભાવમાં આવે છે, ત્યારે લયરૂપ બની જાય છે.. લય એ સૂર છે અને સૂર મારો સ્વભાવ છે, માટે જ, જયારે આત્મા આત્મ સ્વરૂપમાં આવે છે, ત્યારે વ્યકિતના અંગ-ઉપાંગો, એની વાણી અને વર્તન બધું લયરૂપ થઈ જાય છે.

**ભકિત લય છે, ભકિત સૂર છે, ભકિત આપણા અસ્તિત્ત્વમાં પરમાત્મામાં વિલય કરે છે, ભકિત ગુરુની ગોદમાં સમર્પણ કરે છે.**

જયારે એક શિષ્યનું અસ્તિત્વ, ગુરુના અસ્તિત્વમાં વિલય પામતું જાય છે ત્યારે ગુરુની લય સાથે પોતાની લય એકમેક થઈ જાય છે અને ખબર પણ ન પડે તેમ ગુરુના બની જવાય છે, ગુરુ જેવા બની જવાય છે.

## ?ચિંતન કરીએ...

શું આપણે કયારેય આપણા ભાવ.. આપણા પ્રેમને સ્તવના રૂપે વ્યકત કર્યાં છે ?

કયારેય આપણા શબ્દો સૂર રૂપે સ્ફુરિત થયાં છે ?

કયારેય લય સાથે લય મળવાથી થતાં સ્ટ્રોંગ કનેકશનનો અનુભવ કર્યો છે ?

શું આપણને ભકિત –સ્તવન આવડે છે ?

ભકિતમાં લીન બનવાનો અહેસાસ કર્યો છે ?

## *સાંનિધ્ય– અણમોલ ક્ષણ!*

તપસમ્રાટ પૂજય ગુરુદેવનું પ્રત્યક્ષ સાંનિધ્ય એ મારા માટે અણમોલ ક્ષણ હતી. એ ક્ષણોને મેં મન મૂકીને માણી છે. એ સમયે મેં નથી કોઈની સાથે વાતચીત કરી કે નથી કોઈને સ્માઈલ આપ્યું. નથી પરવા કરી કોણ આવ્યું અને કોણ ગયું ?

એમના સાંનિધ્યમાં એમને જરાપણ અશાતના ન થાય એનો પૂર્ણ વિવેક રાખ્યો છે. કેમકે, મને ખબર હતી કે ઋણાનુબંધનુ પાત્ર સંસારના સંબંધ રૂપે તો અનેકવાર મળે છે પણ ગુરુ રૂપે અનંતકાળમાં માત્ર ને માત્ર આઠ વખત જ મળે છે. મારે અનંતકાળ પછી મળેલા અપૂર્વ યોગને ગુમાવવો ન હતો. એ અમૂલ્ય

ક્ષણોને અન્ય સાથે વાત ચીત કરીને, ગુરુની અશાતના કરવી ન હતી. એ ક્ષણોને ગુમાવી સંસારના પરિભ્રમણમાં મારે અટવાવું ન હતું, મારે મારા આત્મભાવોને ગુમાવવા ન હતાં, મારે કયાંય ખોવાઈ જવું ન હતું !

અને આજે પણ.. કૃપા રૂપે એમના પરોક્ષ સાંનિધ્યને માણી રહ્યો છું, માટે જ,

હું છુ સહુની સાથે પણ હું છું મારા ગુરુ સાથે !

હું છુ સહુનો.. છતાં છું મારા ગુરુનો !

મારે કોઈની સાથે કનેકટ થઈને ગુરુ સાથેના કનેકશનને તોડવું નથી, મારે તો એ બંધનને અતૂટ બંધન બનાવવું છે મારે મારા ગુરુ સાથેની આત્મલીંકની કડીને તોડવી નથી, ઋણાનુંબંધ આધારિત અનુસંધાનની ક્રિયા મારે છોડવી નથી.

**આવી અભિન્નદશા એ શિષ્યત્ત્વની સાર્થકતા છે**

**અને એ સાર્થકતાને હું આજે પણ અનુભવી રહ્યો છું.**

## ? ચિંતન કરીએ...

શું કયારેય ગુરુનું સાંનિધ્ય અણમોલ લાગ્યું છે ?

યાદ કરીએ.. ગુરુના સાંનિધ્યમાં બીજાની સાથે વાતચીત કરીને, બીજાને સ્માઈલ આપીને કેટલી વાર ગુરુની અશાતના કરી છે ?

કેટલી વાર ગુરુની સામે મોબાઈલમાં વાત કરી છે ?

કેટલી વાર ગુરુની સામે સંસારની વાતો કરી છે ?

વિચાર કરો.. અનંતકાળમાં આઠ જ વખત મળતો અપૂર્વ યોગનો આ આઠમો જ

ભવ હશે તો ? ?

આ ભવમાં ગુરુની અશાતનાથી ગુરુ સાથેનું કનેક્શન તૂટી ગયું તો ? ? તો... ? ? ?

## શિષ્યત્વ પૂર્ણત્વ:

હું ગુરુના હૃદયમાં પહોંચુ, એના કરતાં ગુરુ મારા હૃદયમાં પ્રવેશી જાય એ ઘટના જ કંઈક અલગ હોય છે. હું ગુરુના ચરણમાં હોઉં, એના કરતાં મારા ગુરુ સ્વયં મારા હૃદયમાં પધારે એ ઘટના જ કંઈક અલગ હોય છે, અને આવી જ ઘટના ઘટી મારી સાથે ! !

એની પ્રતીતિ કહો કે અનુભૂતિ... હું બદલાઈ ગયો ,મારૂં બધું બદલાઈ ગયું. મારા ભાવો, મારા વિચારો અને મારૂં અસ્તિત્વ પણ બદલાઈ ગયું.

ત્યારે મને સમજાયું કે, હું અને મારા ગુરુ, મારા ગુરુ અને હું.. અમે બન્ને એક થઈ ગયા છીએ. અમારા કર્મો એક થવા લાગ્યાં છે, અમારા વચ્ચે સહકર્મિતા સર્જાવા લાગી છે, અમારી વિચારધારા એક થવા લાગી છે, જેવું અમનું છે, એવું જ મારૂં થવા લાગ્યું છે, હવે અમારા બે વચ્ચે નથી કોઈ ફરક કે નથી કોઈ અંતર !

**મારો આ વિશ્વાસ એ જ મારો આત્મવિશ્વાસ છે.**

જયારે શિષ્યની પાસે સહકર્મિતાનો આત્મવિશ્વાસ આવી જાય છે ત્યારે સમજવું કે એનું શિષ્યત્ત્વ પૂર્ણત્ત્વને પામી ગયું છે

જયાં સુધી એવો દૃઢ વિશ્વાસ ન જન્મે કે, જયાં મારા ગુરુ હશે ત્યાં જ હું

હોઈશ, પછી એ સંસારમાં હોય કે મોક્ષમાં !

જયાં સુધી આ વિશ્વાસ અંતરનો અહેસાસ ન બને, ત્યાં સુધી શિષ્યત્ત્વ પૂણત્ત્વને પામી ન શકે.

જયાં સુધી સહકર્મિતા ન થાય ત્યાં સુધી સાથ ભવ પૂરતો જ હોય, ભવોભવનો ન થાય.

## ? ચિંતન કરીએ...

શું આપણને લાગે છે આપણે ગુરુ સાથે એકમેક થઈ ગયાં છીએ ?

શું આપણામાં સહકર્મિતાનો આત્મ વિશ્વાસ આવ્યો છે ?

શું તમને એવું ફીલ થાય છે કે, આપણું શિષ્યત્ત્વ પૂર્ણત્ત્વ તરફ પ્રગતિ રહ્યું છે ?

## સિધ્ધત્વ સુધીનો સાથ :

જેમ ભગવાન મહાવીરે ગૌતમના સંશયનું સમાધાન કરતાં કહ્યું હતું, હે ગોતમ ! તું રડ નહીં, તું અને હું ચીરકાળ સુધી સાથે રહેવાના છીએ આપણે અહિંયાથી પણ વિદાય લઈને જયાં જવાના છીએ ત્યાં સાથે જ છીએ, જે દિવસે ગુરુ પોતાના શિષ્યને સંકેત આપે છે કે હું અને તું ચીરકાળ સાથે રહેવાના છીએ, ત્યારે સમજવાનું કે એ દિવસે ગુરુએ તમારા શિષ્યત્ત્વ પર મહોર મારી દીધી છે.. તમારૂં શિષ્યત્ત્વ સાર્થક થઈ ગયું છે.

તપસમ્રાટ પૂજય ગુરુદેવે પણ મને એક દિવસ કહ્યું હતું,

અંતે તું મારી પાસે હોઈશ. અંતે તું મારી સાથે હોઈશ. અર્થાત આ ભવના અંતે

અને ભવોભવના અંતે એટલે કે મોક્ષ સુધી તું મારી સાથે હોઈશ. અંત સુધીનો સહવાસી હોઈશ.

ગુરુએ તો સંકેત આપી દીધો. એટલે મારો પુરુષાર્થ પણ એમના જેવી ઉચ્ચતમ આત્મ સ્થિતિને પ્રાપ્ત કરવાનો હોવો જોઈએ મારે પણ પરમ સુધી સાથે પહોંચવાનો પુરુષાર્થ કરવો જાઈએ.. એમના જેવા કર્મોનો ક્ષય કરવાનો પુરુષાર્થ કરવો જોઇએ, અને આ જ મારી સાધના છે, આ જ મારી ઉપાસના છે, આ જ મારો પુરષાર્થ છે.

**શિષ્યત્ત્વની સાર્થકતાની મહોર લાગ્યા પછી**

**સહકર્મિતા સાધવી એ જ મારૂં પરમ લક્ષ્ય છે.**

## ?ચિંતન કરીએ...

શું આપણા ગુરુએ આપણા  શિષ્યત્ત્વ પર સાર્થકતાની મહોર મારી છે ?

શું આપણો આપણા ગુરુ જેવા બનવાનો પુરુષાર્થ છે ?

આપણા પુરુષાર્થને આપણે ક્યારેય આપણી સાધના બનાવી છે ?

## મારી વિનંતી...

જ્યારે મારા શિષ્યત્ત્વ પર મારા ગુરુની મહોર લાગી ગઇ, મારૂં લક્ષ્ય મારા ગુરુ જેવા બનવાનું થઇ ગયું, તે દિવસથી મારી મારા ગુરુદેવને વિનંતીઓ... આજીજીઓ... અરજીઓ શરૂ થઇ ગઇ.

હે ગુરુદેવ ! મારો આત્મ વિકાસ થાય એવી કૃપા વરસાવો ! કૃપા વરસાવો !

મારા સ્વભાવમાં સુધારો થાય એવી કૃપા વરસાવો.

હે ગુરુદેવ ! મારી પ્રવૃતિઓને તો હું જોઇ શકું છું પણ મારી વૃતિને હું નથી જોઇ શકતો, નથી જાણી શકતો, એ તો આપ જ જાણી શકો છો. હે ગુરુદેવ ! મારી વૃતિને સુધારી શકું અને મારા ભવિષ્યને ભવ્ય બનાવી શકું એવા આશીર્વાદ આપો.

## ? ચિંતન કરીએ...

શું ક્યારેય ગુરુદેવને આવી વિંનતી કરી છે ?

શું ક્યારેય સ્વભાવને સુધારવાના ભાવ થયાં છે ?

શું ક્યારેય આત્મ શુદ્ધિનું લક્ષ્ય થયું છે ?

**રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવની અનુભવ વાણી એ આપણી પ્રેરણા છે... એમના અનુભવ પરથી આપણે આપણા શિષ્યત્ત્વને ન માત્ર ખીલવવાનું છે પણ એવું સાર્થક કરવાનું છે, જેનાથી ગુરુદેવને પણ આપણા શિષ્યત્ત્વ પર 'મહોર' મારવાનું મન થાય.**

ચિંતન કરતાં જણાશે કે ઘણા બધાં પ્રશ્નોમાં આપણો પ્રત્યુતર ' હા ' માં આવે છે, અર્થાત અમુક અંશે તો આપણું શિષ્યત્વ ખીલી રહ્યું છે. એટલે હવે એને પૂર્ણત્વ તરફ લઇ જવા પુરુષાર્થ કરવાનો છે અને પૂજ્ય ગુરુદેવની કૃપાથી આપણો પુરુષાર્થ અવશ્ય આપણને પૂર્ણત્વ તરફ લઇ જશે.

2

# ગુરુપૂર્ણિમા શા માટે હોય?



## જ્યોત સે જ્યોત જલે...

વર્ષમાં એક વખત અષાઢ માસમાં આવતી પૂનમ, જે ગુરુ પૂર્ણિમા રૂપે ઉજવાય છે, જેને સર્વ ધર્મના સર્વ શ્રધ્ધાવંત આત્માઓ અર્પણતાના અહોભાવ સાથે ઉજવે છે. અષાઢ માસની એ પૂનમ, ગુરુપૂર્ણિમાનો એ પાવન દિવસ શા માટે હોય છે ?

શું ગુરુપૂર્ણિમા ગુરુને પામવા માટે હોય ?

ના, ગુરુને પામવા માટે તો પળ જોઈએ, વિશેષ દિવસ નહીં !

ગુરુપૂર્ણિમા ગુરુને અનુભવવા માટે હોય ?

ના, ગુરુને તો ક્ષણે ક્ષણે અનુભવવાના હોય, કોઈ એક જ દિવસ નહીં !

શું ગુરુપૂર્ણિમા ભક્તિ અને દર્શન કરવા માટે હોય ?

ના, ભક્તિ તો ભાવથી થાય અને ગમે ત્યારે થાય અને દર્શન તો અંતર આત્માથી થાય, મન થાય ત્યારે થાય, તેના માટે પૂનમની પ્રતિક્ષા ન હોય !

શું ગુરુપૂર્ણિમા શ્રધ્ધાને જન્માવવા માટે હોય ?

ના, શ્રધ્ધા તો સ્વયં જ જન્મે એના માટે કોઈ ખાસ સમય ન હોય !

**તો પછી ગુરુ પૂર્ણિમા શા માટે હોય ?**

ગુરુ પૂર્ણિમા હોય જ્યોતથી જ્યોત જલાવવા માટે !

અને ગુરુની જ્ઞાન જ્યોતમાંથી સ્વયંની જ્ઞાન જ્યોત પ્રજવલિત કરવા માટે !

ગુરુ પૂર્ણિમા હોય ગુરુની પ્રેમજ્યોતમાંથી સ્વયંની પ્રજ્ઞાજ્યોતને પ્રગટાવવા !

ગુરુ પૂર્ણિમા હોય ગુરુને પામી સ્વયંની પાવનતાને પ્રગટાવવા માટે !

ગુરુ પૂર્ણિમા હોય ગુરુની દૃષ્ટિ દ્વારા સ્વયંની દિશા શોધવા માટે !

ગુરુ પૂર્ણિમા હોય ગુરુના દર્શન કરી સ્વયં દર્શનીય બનવા માટે !

ગુરુ પૂર્ણિમા હોય ગુરુને અર્પણ થઈ ગુરુને અનુસરવા માટે !

ગુરુ પૂર્ણિમા હોય ગુરુનું મહત્ત્વ અને ગુરુનું મૂલ્ય જાણવા માટે !

એક વિશાળ રૂમ છે, એના બધાં બારી-બારણા ખુલ્લા છે. એ રૂમમાં ઘણા બધાં નાના-નાના કોડિયા છે. એ કોડિયામાં ઘી પણ છે અને વાટ પણ છે પણ પ્રજવલિત નથી.

થોડીવાર થાય છે ત્યાં દૂર ગગનમાં દિવાકર ઉદયમાન થાય છે અને તેનો પ્રકાશ અવનિ પર પથરાય છે. એ દિવાકરનો પ્રકાશ રૂમમાં રહેલાં કોડિયાં પર પણ પડે છે અને દરેક કોડિયાં દિવાકરના તેજસ્વી કિરણોથી ચમકવા લાગે છે. કોડિયાં દિવાકરના તેજપૂંજથી પ્રકાશિત થઈ ગયાં, દિવાકરના પ્રકાશથી ભિંજાવા લાગ્યાં અને સ્વયંની ચમક જોઈ ખુશ ખુશ થઈ ગયાં.

એ જ રૂમમાં દૂર એક ખૂણામાં હજુ એક કોડિયું હતું. એ કોડિયાની વાટ પ્રજવલ્લિત હતી. એટલે એ દીપક એની મસ્તીમાં હતો.

સમય પસાર થવા લાગ્યો.

દિવાકરનો નિયમ હોય છે, તે ઉદય પામે છે, ધીરે ધીરે મધ્યાને આવે છે અને પછી અસ્ત પામે છે.

સંધ્યાનો સમય થયો, દીવાકરના અસ્ત થવાનો સમય થયો. જેવો દિવાકર અસ્ત થયો, કોડિયાનું તેજ પણ અસ્ત થઈ ગયું. કોડિયા પાછા હતાં એવા જ થઈ ગયાં, જ્યાં થોડીવાર પહેલાં પ્રકાશ છવાયેલો હતાં ત્યાં અંધારૂં છવાઈ ગયું, કોડિયાઓની આસપાસ પણ અંધારૂં છવાઈ ગયું.

કોડિયાં ઉદાસ થઈ ગયાં, કોડિયા નિસ્તેજ થઈ ગયાં.

પણ... દૂર ખૂણામાં જે દીપક છે. તેનો પ્રકાશ ત્યારે પણ હતો અને અત્યારે પણ છે. તેનું તેજ દિવાકરની ઉપસ્થિતિમાં પણ હતું અને દિવાકરની અનુપસ્થિતિમાં પણ છે. કેમકે, તેનું તેજ સ્વયંનું તેજ છે, જ્યારે કોડિયાનું તેજ 'પર' નું તેજ હતું, પર થકી હતું. કોડિયા જે દીવાકરના પ્રકાશથી પ્રકાશિત થઈ ખુશ થતાં હતાં એ એમનો ભ્રમ હતો.

કોડિયા રૂમમાં છે, દિવાકર દૂર... દૂર ગગનમાં છે અને દીપક એમની સાથે એમના રૂમમાં જ છે.

**કોડિયા માટે કામનું કોણ ? ? દિવાકર કે દીપક ? ?**

દિવાકર મોટો છે, એનો પ્રકાશ પણ ખૂબ જ છે. દીપક નાનો છે, એનો પ્રકાશ પણ દિવાકર કરતાં ઘણો ઓછો છે. દિવાકરનો પ્રકાશ સતત છે, દીપકની જ્યોત આમથી તેમ થાય છે.

કોડિયા માટે કામનું કોણ ? કોડિયા માટે ઉપયોગી કોણ ? ?

કોણ છે કોડિયાં ? કોણ છે દિવાકર ? કોણ છે દીપક ?

એક રૂમમાં પથરાયેલાં કોડિયાં એટલે આ અવની પર વર્તમાનના મનુષ્યો... દિવાકર એટલે તીર્થંકર પરમાત્મા અને દીપક એટલે સદ્‌ગુરુદેવ !

વર્તમાનમાં જ્યારે દિવાકર રૂપ તીર્થંકર પરમાત્મા પ્રત્યક્ષ નથી, ત્યારે મનુષ્યો માટે સદ્‌ગુરુદેવ રૂપી દીપક જ કામના છે. જ્યારે દિવાકર પ્રત્યક્ષ નથી ત્યારે સદ્‌ગુરુદેવની જ્ઞાનજ્યોત અજવાળાં પાથરે છે, અજ્ઞાન અંધકારને દૂર કરે છે.

હા, દિવાકર શ્રેષ્ઠ છે, એને જોવા છે, એ દર્શનીય છે પણ વર્તમાનમાં કામનો દીપક જ છે એટલે દિવાકરને, પરમાત્માને જોવા અને જાણવા છે અને દીપકને, સદ્‌ગુરુદેવને પામવા છે અને એમને પામીને મારે પણ કંઈક પામવું છે.

કેમકે, એ પ્રજવલ્લિત દીપકમાંથી જ હું મારી જ્યોતને પ્રગટાવી શકીશ. એ દીપક જ મારી જ્યોતને પ્રજવલ્લિત કરી શકશે, મારી આત્મચેતનાને જાગૃત કરી શકશે, મારી જ્ઞાન જ્યોતને જવલંત કરી શકશે, મારા અજ્ઞાન અંધકારને દૂર કરી શકશે.

એટલે કોડિયા રૂપ માનવીને જો સ્વયંની જ્યોત પ્રગટાવવી હોય તો દીપકના શરણે જઈ, દીપકનો જ સહારો લેવો જોઈએ અને માત્ર પ્રકાશથી ભિંજાવું જ હોય તો પરમાત્માના શાસ્ત્રોનો સહારો લેવો જોઈએ.

જેને ખુદ જ્યોર્તિમય થવું હોય એના માટે દીપક કામનો છે. કેમકે, એની જ્યોતથી જ સ્વયંની જ્યોત જલી શકશે.

તીર્થંકર પરમાત્મા પ્રકાશી રહ્યાં છે, જ્યારે સદ્‌ગુરુદેવ સ્વયં પામ્યા છે અને સર્વને પમાડી રહ્યાં છે.

પરમાત્મા જ્ઞાનથી ભિંજવે છે, સદ્‌ગુરુ જ્ઞાનને પ્રગટાવે છે.

પરમાત્મા ઉપદેશ આપે છે, ગુરુ આદેશ આપે છે.

પરમાત્માનો ઉપદેશ સર્વ સામાન્ય છે, ગુરુનો આદેશ વ્યક્તિગત છે.

જ્યાં સુધી એક આત્મા ગુરુના આદેશ અને ગુરુની આજ્ઞાનો સ્વીકાર કરતો નથી ત્યાં સુધી તેની આરાધના સાર્થક થતી નથી, તે આરાધનાથી પુણ્ય ઉપાર્જન થાય છે પણ કર્મોની નિર્જરા થતી નથી અને જ્યાં સુધી કર્મોથી નિર્જરા ન થાય ત્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ પણ ન થાય.

એક કોડિયાને દીપકની જ્યોતમાંથી જ્યારે સ્વયંની જ્યોત પ્રગટાવવી હોય ત્યારે તેને નમવુ પડે, ઝૂકવું પડે અને ત્યારે જ તે દીપકની જ્યોતમાં ભળી શકે અને જ્યારે ભળે ત્યારે જ સ્વયંની જ્યોતને પ્રગટાવી શકે.

એક એક વ્યક્તિ જ્યારે સદ્‌ગુરુના શરણમાં જઈ, વિનમ્રભાવે ઝૂકે છે, નમે છે ત્યારે જ તે સદ્‌ગુરુમાં ભળે છે.

ગુરુને મળવાથી ગુરુ નથી મળતાં, ગુરુમાં ભળવાથી ગુરુને મળાય છે અને ગુરુને અનુભવાય છે.

જ્યારે ગુરુ મળે, ગુરુ અનુભવાય, ત્યારે હૃદય સ્પંદિત થવા લાગે, હૃદયના સ્પંદનોની અનુભૂતિ એ જ મોક્ષ યાત્રાની શરૂઆત !

**ગુરુ જ્યારે અનુભવાય છે, ત્યારે જ ગુરુની જ્યોતમાંથી સ્વયંની જ્યોત પ્રગટાવી શકાય છે, ત્યારે જ કોડિયામાંથી દીપક બની શકાય છે. દીપકની જ્યોત સ્વયંની જ્યોત હોય છે માટે એ ક્યારેય અંધારૂં થવા દેતી નથી. માટે જ, દિવાકરનું મૂલ્ય છે અને મહત્ત્વ દીપકનું છે.**

એ મહત્ત્વને અનુભવવા માટે, દીપકની જ્યોતમાંથી સ્વયંની જ્યોતને

પ્રજવલ્લિત કરવા માટે હોય છે ગુરુપૂર્ણિમા !

દિવાકરનો ઉપદેશ જન સામાન્ય માટે હોય, એ એક વ્યવહાર હોય અને એને બધાં જ સ્વીકારે અને સ્વયંની રૂચિ પ્રમાણે આચરણમાં મૂકે, જ્યારે દીપકનો આદેશ, દીપકની આજ્ઞા તો વ્યક્તિગત હોય અને વ્યક્તિ વ્યક્તિએ અલગ અલગ હોય, વ્યક્તિના કર્મો અનુસાર હોય અને તે પણ જે શરણે હોય, જે સોંપાયું હોય તેના માટે જ હોય.

શરણ સ્વીકાર્યા પછી મન, વચન અને કાયા જે કરે તેને ‘અનુશરણ’ કહેવાય. અનુશરણ એટલે પાછળ પાછળ જવું.

અનુશરણ એટલે ગુરુના ગુણોને અનુસરવા, ગુરુની જીવનશૈલીને અનુસરવી, ગુરુના વિનય-વિવેકને અનુસરવું, ગુરુના આત્માને અનુસરવું. ગુરુને, ગુરુના સર્વસ્વને અનુસરવાનો દિવસ એટલે ગુરુપૂર્ણિમા !

પરમાત્માનું શાસન અને ગુરુનું અનુશાસન મહાપુણ્યના અધિકારીને જ મળે છે. જે સોંપાય છે તે જ સર્વોત્તમ સિધ્ધિને પ્રાપ્ત કરી શકે છે. ગુરુભક્તિથી જ્યારે આત્મા ભિંજાય છે ત્યારે આત્મજ્ઞાન પ્રગટ કરી આત્મસિધ્ધિને પ્રાપ્ત કરી શકાય છે.

**ગુરુ શરણમાં સોંપાય અને**

**ગુરુ ભક્તિથી ભિંજાઈ જવા માટે હોય છે ગુરુપૂર્ણિમા !**

# 3 સમ્યક્ પૂજા
# ભાવદક્ષિણા

## સમ્યક્ પૂજન

ગુરુપૂર્ણિમાનો પાવનકારી દિવસ! સવારથી લોકો પોતાની આદર્શ વ્યક્તિ એવા પ્રિય અને પૂજનીય ગુરુને યથાભક્તિ વંદના કરે છે અને યથાશક્તિ ભેટ દક્ષિણારૂપે આપી ગુરુપૂર્ણિમાની ઉજવણી કર્યાનો આનંદ માણે છે.

સવારથી સાંજ સુધી આવા દૃશ્યો અને અંતરમાં એક અજબ પ્રકારનું મંથન શરૂ થયું. શું આ સાચુ ગુરુપૂજન છે કે રૂટિન પ્રક્રિયા છે? શું આ પ્રકારનું પૂજન આત્મસંતોષ આપે છે? અંતર પ્રેરણા કરાવે છે? હૃદયને પવિત્ર અને પુલકિત બનાવે છે? ના!



તો પછી સાચું ગુરુપૂજન શું ? ગુરુપૂર્ણિમાની યથાર્થ ઉજવણી શું ?

સાચું પૂજન અને યથાર્થ ઉજવણી માટે પ્રથમ જરૂરી છે સાચા ''સદ્‌ગુરુ '' ની શોધ અને એ શોધ પછી સાચા શિષ્ય બનવાની પાત્રતાને કેળવવાનો સંકલ્પ અને એ સંકલ્પ સાકાર કરવાનો પુરુષાર્થ.

જેને જીંદગીમાં જીવવાનું કોઇ લક્ષ્ય છે, જેને મળેલો અમૂલ્ય માનવભવ સાર્થક કરવાનું ધ્યેય છે. જેને આત્મશુધ્ધિ કરવાનાં ભાવ છે, જેનામાં પરમાત્માને પામવાનો તલસાટ છે, જેનામાં પરમાત્માને સમર્પિત થવાની ઉત્કૃષ્ટ ભાવના છે, તે પોતાના ભાવીને ભવ્ય બનાવવા એક પૂજનીય, વંદનીય અને આદર્શ વ્યક્તિની શોધ શરૂ કરે છે અને એ શોધ પછી જે પ્રાપ્ત થાય છે,

ત્યારે સમજાય છે કે,

**ગુરુ એ સામાન્ય વ્યક્તિ નથી પણ અસામાન્ય વ્યક્તિત્વ છે.**

''પરમાત્મા સુધી પહોંચવા, પરમાત્માના પંથે ચાલનાર, પરમાત્માના અનુચર અને પથદર્શક એવા પરમ વ્યક્તિના આલંબનની જરૂર પડે છે. પરમ તાત્વિક વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ એટલે મારી શોધ... મારા ગુરુદેવ !''

વ્યક્તિ તરીકે તો એ પણ એક સામાન્ય માનવીની જેમ હાથ, પગ, આંખ, નાક અને કાન ધરાવે છે પણ એમની જે વિશેષ લાક્ષણિકતા છે તે જ છે તેમનું સર્વોત્તમ વ્યક્તિત્વ. માટે જ કહેવાય છે કે,

**સંત અનેક હોય પણ ગુરુ એક જ હોય.**

**આદર સર્વનો હોય પણ આજ્ઞા એકની જ હોય.**

સંસારી જીવ ક્યારેય પૂજનીય ન હોય, પણ તેનું જ્ઞાન, જ્ઞાની તરીકે પૂજનીય હોય, તેમ ગુરુ વ્યક્તિ તરીકે નહીં પણ વ્યક્તિત્વ તરીકે પૂજનીય હોય.

ગુરુની ઓળખ શું ? કેમ ખબર પડે કે આ જ વ્યક્તિ મારી આદર્શ વ્યક્તિ છે ? આ જ મારા પ્રિય અને પૂજ્ય ગુરુદેવ છે ? તો જવાબ છે...

જે વ્યક્તિને જોતાં હૈયુ સ્પંદિત થાય, જેના પ્રત્યે એક અજબ પ્રકારનું ખેંચાણ અનુભવાય, જેને જોયા પછી જોયા જ કરવાનું મન થાય, જેની પાસે ગયા પછી પાછા જવાનું મન ન થાય, જેના સાંનિધ્યમાં શાંતિ અને સંતોષની તૃપ્તિ થાય. જેના વ્યક્તિત્વમાં તમારૂં અસ્તિત્વ ઓગળવા લાગે, ત્યારે અંતરમાંથી એક અવાજ આવે... આ જ મારી આદર્શ વ્યક્તિ છે અને આ જ મારા ''ગુરુદેવ'' છે.

બીજા સ્ટેપમાં... જે વ્યક્તિનાં ભાલપ્રદેશમાં જ્ઞાનનો તેજ પુંજ દેખાય. જેમની આંખોમાં વાત્સલ્યનાં વાદળ હોય અને જેમાંથી સતત અમીકૃપા વરસતી હોય, જેમની વાણીનું શ્રવણ હૈયા સોંસરવું ઉતરી જાય અને આત્મા આચરણ કરવાની પ્રેરણા કરે, જેમનો હાથ ઉંચો થતાં જ મસ્તક આશીર્વાદ ઝીલવા ઝૂકી જાય, જેમના ચરણમાં શીશ અર્પણ કરતાં રોમરોમ સંવેદિત થઇ જાય, જેમનાં પગલે પગલે ચાલવા પગ થનગની ઉઠે ત્યારે હૃદયમાંથી પોકાર ઉઠે આ જ મારી આદર્શ વ્યક્તિ અને આ જ મારા ગુરુદેવ !

**સદ્‌ગુરુનાં શરણ વિના પરમાત્મા દર્શન શક્ય જ નથી.**

ત્રીજું સ્ટેપ એટલે ગુરુદેવનું વ્યક્તિત્વ ! ગુરુદેવનું વ્યક્તિત્વ પૂજનીય વંદનીય, ઉપકારી, આદરણીય, આચરણીય, અને અનુભૂતિ કરાવનારૂં છે, તેને જોઇ, વાંચી કે સાંભળી ન શકાય, તેને તો માત્ર અંતર આત્મા જ અનુભવી શકે.

પરમાત્માને તો જોયા નથી પણ જેમના વ્યક્તિત્વમાં પરમાત્માની ઝાંખી થાય તે હોય ગુરુદેવ ! જે આત્મહિત માટેની પોતાની અમૂલ્ય ક્ષણો જગતના જીવોનાં ઉધ્ધાર કરવામાં વાપરે છે તે ઉપકારી સંત હોય ગુરુદેવ !

મા- બાપ કરતાં પણ ગુરુનો ઉપકાર શ્રેષ્ઠ છે. મા-બાપ જન્મ આપે છે જ્યારે ''ગુરુ'' જીવન આપે છે.

જે મને મારી મંઝિલ સુધી લઇ જાય, જે માર્ગદર્શક હોય, તે મારા માટે 'પરમ' હોય અને તે જ મારા ગુરુદેવ હોય.

**પૂજ્ય અનેક હોય પણ પરમ તો એક જ હોય.**

જેમણે ભગવંતતાની પ્રાપ્તિ કરી છે. જે પરમ શ્રધ્ધેય છે, જેનું સાધન સદ્‌ગુણોના પેટ્રોલથી ચાલે છે, જેને આત્માની અનુભૂતિ છે, જે શુધ્ધ અને શુભ ભાવમાં રમે છે અને જે આત્માનાં આત્મસંસ્કારને જગાડે છે તે ગુરુદેવ હોય.

**ગુરુ પ્રત્યેની શ્રધ્ધા વિના આત્મ ઓળખ અસંભવ છે.**

જે અનુસરવાની આજ્ઞા આપે છે, જે અંતરશક્તિને ખીલવે છે, જે અવ્યકત અનુભૂતિ કરાવે છે તે ગુરુદેવ હોય.

વર્તમાનમાં આગમના શબ્દો કરતાં પણ ગુરુની આજ્ઞા વધુ પ્રેરક છે.

જેમનું સ્મરણ હૃદયમાં મંગલભાવોનું સર્જન કરી સંસારનું વિસ્મરણ કરાવે છે તે અવિસ્મરણીય હોય ગુરુદેવ !

ગુરુ સ્મરણ એ જ શિષ્યનો વ્યવહાર છે. જેમના પગલામાં પરમાત્માની આકૃતિનાં દર્શન થાય અને જેમના પગલે પગલે ચાલવાનું મન થાય તે પથદર્શક હોય ગુરુદેવ !

**પગલા પૂજનીય છે, પણ પગલે ચાલવું એ જ સાચી પૂજા છે.**

જે સંસારમાં ગબડતા અટકાવી મોક્ષ માર્ગના પગથિયાં ચઢતા શીખવાડે તથા મોક્ષમાર્ગના જવાના અનેક માર્ગમાંથી મારા માટે કર્યો માર્ગ શ્રેષ્ઠ અને નિર્વિધ્ન છે તે બતાવે તે હોય ગુરુદેવ !

ગુરુ વિનાના જમ્પ મારે અને પછડાય. ગુરુ વિના મોક્ષ નહીં.

જે ચીનગારી બની જ્ઞાનજ્યોતને પ્રજવલ્લિત કરી, જ્ઞાનભાવનો વિકાસ કરાવે, આત્મજ્ઞાન પમાડે, સમ્યક્દર્શનની સમજ આપે તે અનંત જ્ઞાની હોય ગુરુદેવ !

**ગુરુ વિના શાસ્ત્રો પણ શસ્ત્ર બની જાય**

**અને ગુરુ વિનાનું જ્ઞાન માત્ર ગુંચવ્યા કરે !**

જે દિવાદાંડી બની દિશા બતાવે, જે કુંભાર બની ટપલાં મારી ઘાટ ઘડી મજબૂત બનાવે, જે ખેડૂત બની આત્મખેતરને ખેડી તેમાં જ્ઞાનબીજ રોપી, સ્નેહથી સિંચન કરી વટવૃક્ષ બનાવે તે પરમ કૃપાળુ હોય ગુરુદેવ !

ગુરુ વિનાનું જીવન એટલે ખેતરમાં ઉભેલો ચાડિયો. જેમ નિર્જીવ ચાડિયો ખેતરની રક્ષા કરવાનો દંભ કરે છે, તેમ ગુરુ વિનાના સાધકની સાધના દંભી હોય છે.

જેમની દેહાકૃતિમાંથી નીકળતા શુકલ લેશ્યાનાં પરમાણુઓ મનની મલિનતાને દૂર કરી આસપાસ શુભ ઓરાનું સર્જન કરે છે, તે હોય ગુરુદેવ !

શુભ ઓરાના કવચને ભેદી અશુભ તત્વ ક્યારેય પ્રવેશી ન શકે.

જે આત્માની ઓળખ કરાવી, સિધ્ધત્વની યાત્રાના 73 માઇલસ્ટોન એક પછી એક સમજ પૂર્વક પાર કરાવે છે તે મોક્ષગામી હોય ગુરુદેવ !

ગુરુ બનાવ્યા વિના સિધ્ધ ન થવાય.

જે જીવનને સદ્બોધના સુમનથી સુગંધિત કરી, આદેશ આપી આચરણ અને અનુસરણ કરાવે છે તે હોય ગુરુદેવ !

**ઉપદેશ બધાં માટે હોય, આદેશ માત્ર શિષ્ય માટે હોય.**

જેમનો નિઃસ્વાર્થ પણ આત્મિક સ્નેહ સ્ફુરણા કરાવે, સહન કરવાની શક્તિ અર્પે અને સાધના કરવાની પ્રેરણા આપે છે તે વત્સલમૂર્તિ હોય ગુરુદેવ !

સહનશીલતા સાધનાનું અવિભાજ્ય અંગ છે, જે અક્ષમ્ય ભૂલને પણ ક્ષમ્ય ગણી સન્માર્ગે લઇ જાય એ મહાવીર વ્યક્તિ હોય ગુરુદેવ !

ક્ષમા જ વીરતાનું આભૂષણ છે.

જે પહેલાં રાગ કરાવે, પછી એ રાગને છોડાવી વિરાગી બનાવે અને વિતરાગતાનું દર્શન કરાવે તે પરમ દર્શનીય હોય ગુરુદેવ !

ગુરુના રાગમાં રંગાયેલી વ્યક્તિ ક્યારેય જગતમાં આકર્ષાતી નથી.

જે આત્માના અવગુણોને કાઢી, અહંમને ઓગાળી અર્હમ્ તરફ લઇ જાય, જે સંસારનો રાગ છોડાવી વિરાગતાના અનુરાગી બનાવે તે હોય ગુરુદેવ !

ગુરુ એ સ્વજન છે, જે સગાથી નહીં પણ સગાનાં સ્નેહથી મુક્ત કરાવે છે. સગા તો મનોરંજન કરાવે જ્યારે ગુરુ મનોમંથન કરાવે. જે દષ્ટિ આપે, જે આત્મશુધ્ધિ કરાવે, જે ઇચ્છાનું માપ કાઢી ઇચ્છાને મરાવે છે તે હોય ગુરુદેવ !

**ગુરુઆજ્ઞામાં જ્યારે સ્વ ઇચ્છાનું મૃત્યુ થાય**

**ત્યારે સાચી સાધનાનો જન્મ થાય.**

જેમનું શરણ આત્માનંદની પ્રાપ્તિ કરાવે, જેમના ચરણની સેવના ‘સ્વ’ ની ઓળખ કરાવે, જેમની પ્રેરણા પથદર્શક બની રહે તે પ્રેરક હોય ગુરુદેવ !

પ્રત્યક્ષ પ્રેરણા વગર પગદંડી પર ચાલવું અઘરૂં જ નહીં પણ અશકય પણ છે.

જે મારી અને પરમાત્માની વચ્ચે માધ્યમ છે, જે સાક્ષાત છે. જે જીવંત છે અને જે મન, વચન, કાયાએ દ્રવ્ય છે એ હોય અસીમ ઉપકારી ગુરુદેવ !

**દ્રવ્ય સાધકને દ્રવ્ય સાધનની આવશ્યકતા પડે જ !**

જે મારા હિતના અનુરાગી છે. જેમની સર્વોચ્ચ સમર્પણતામાં સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય, જે મને સતત મારી આસપાસ હોવાનો અહેસાસ કરાવે અને આંખ બંધ થતાં જ પાંપણ ઉપર જેમની આજ્ઞામુદ્રા દેખાય એ પરમ શ્રધ્ધેય હોય ગુરુદેવ !

**ગુરુઆજ્ઞા એ જ શિષ્યનો શ્વાસ છે.**

**ગુરુ આજ્ઞામાં રહેવું એ જ સાચો ધર્મ છે.**

જેમના પ્રત્યેના ઉલ્લાસભાવના ધસમસતા પ્રવાહમાં આત્માના અવગુણો ધોવાઇ જાય છે અને આત્મસંસ્કાર જાગૃત થાય છે તે હોય ગુરુદેવ !

અવગુણોનું વિસર્જન જ વિતરાગતાનું સર્જન કરાવે. આમ સાધુત્વની સાધના સહેલી છે, પણ ગુરુત્વની સાધના ઘણી અઘરી છે. આવા વિરલ વ્યક્તિત્વવાળી વ્યક્તિની શોધ થઇ ગઇ, તેમને ''ગુરુ'' તરીકે માની લીધા, ગુરુ તરીકે સ્વીકારી લીધા, પણ... પણ શું આવી મહાન અને ઉચ્ચ ગુરુત્વવાળી વ્યક્તિ આપણને સ્વીકારવા તૈયાર છે ?

હા ! જો આપણામાં શિષ્ય બનવાના ભાવ હોય, શિષ્યત્વ કેળવવાની તૈયારી હોય અને શિષ્યત્વના સંસ્કાર જગાડવાની તડપ હોય તો...! શિષ્યત્વ પામવાની પાત્રતા હોય તો...!! પાત્રતા વિનાની પ્રાપ્તિ અપચો કરાવે છે.

**વ્યક્તિમાંથી વ્યક્તિત્વ ખીલવવા ગુરુના આલંબનની જરૂર પડે છે.**

આપણે ઘણીવાર ઘણાંને કહેતા સાંભળ્યું છે કે, તે શિષ્ય એ તે ગુરુની આખી જીંદગી સેવા કરી, વૈયાવચ્ચ કરી, પણ અંતિમ સમયે તે ગુરુએ પોતાની 'લબ્ધિ' કોઇ બીજાને જ આપી દીધી અને તેમની કૃપા પણ તેના ઉપર જ વરસી રહી છે.

તો શું જે વ્યક્તિ ગુરુસ્થાને છે, તેને શિષ્યની સેવા વૈયાવચ્ચની કદર કે કિંમત ન હોય ? જેમની સેવામાં સ્વાર્થ નહીં પણ સમર્પણતા છે, જેમની વૈયાવચ્ચમાં વેઠ નહીં પણ વિનમ્રતા છે તેની કદર સમર્થ ગુરુને અવશ્ય હોય જ !

ગુરુની કૃપાના કિરણો તો સૂર્યની જેમ સમભાવે સર્વ ઉપર એક સમાન વરસી રહ્યાં હોય છે, જરૂર છે માત્ર પોતાના આત્મઘરનાં બારી બારણાને ખોલવાનો પ્રયત્ન કરવાની.

વળી 'લબ્ધિ' એ કોઇ વસ્તુ કે પદાર્થ તો નથી જે ઝોળીમાંથી કાઢી હાથમાં આપી શકાય !

'લબ્ધિ' એ તો અદ્દ્શ્ય શક્તિ છે. જેને પ્રાપ્ત કરવાની ક્ષમતા અને સામર્થ્ય હોવું જોઇએ, ભક્તિભાવે અર્પણતા અને પુરુષાર્થ કરવા જોઇએ. નિઃસ્વાર્થ અને નિષ્કામ ભાવે ગુરુની સેવા કરવી જોઇએ.

''જેમ સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં જ રહી શકે. તેમ 'લબ્ધિ' ની શક્તિ ભક્તિના ભાજનમાં અને ગુરુની કૃપા સમર્પણતાની સાધનામાં જ રહી શકે.''

શિષ્ય બનવા શિષ્યત્વની પાત્રતા કેળવવી પડે, સ્વયંનો પુરુષાર્થ કરવો પડે. શિષ્ય બનવા સર્વ પ્રથમ શૂન્ય બનવું પડે, શિષ્ય બનવા સમર્પિત થવું પડે, શિષ્ય બનવા પોતાની ઓળખને ગુરુની ઓળખમાં સમાવવી પડે, પ્રત્યેક ક્ષણે ગુરુઆજ્ઞાની અપેક્ષા અને પ્રતિક્ષા હોવી જોઇએ. ગુરુ પ્રત્યે શ્રધ્ધાના ભાવ હોવા જોઇએ અને એ શ્રધ્ધા આત્માની હોવી જોઇએ... ભવોભવની હોવી જોઇએ. ગુરુને ગમતા કાર્ય કરવા જોઇએ, ગુરુ જીવાડે તેવું જીવન જીવવું જોઇએ. ગુરુના અનાદરમાં પણ સ્વહિતનું દર્શન થવું જોઇએ. ગુરુના દિલના અવાજને સાંભળી સંકેતની ભાષા સમજતા આવડવું જોઇએ. ગુરુ સામે જુએ કે ન જુએ, આપણી દૃષ્ટિ ગુરુદર્શન જ કરતી હોવી જોઇએ. ગુરુના વચનમાં

વિકલ્પ નહીં વિશ્વાસ હોવો જોઇએ. ગુરુની આજ્ઞામાં આળસ નહીં આનંદ હોવો જોઇએ. ગુરુના કાર્ય કરવામાં ફરજ નહીં પણ ઉત્સાહ હોવો જોઇએ.

ગુરુની આંખ એટલે શિષ્યને જીવન જીવવાની પાંખ.

પ્રત્યેક શ્વાસમાં ગુરુ સ્મરણ હોય. પ્રત્યેક ક્રિયામાં ગુરુની આજ્ઞા હોય, અને પ્રત્યેક સફળતાને ગુરુની કૃપા માનવી જોઇએ.

જો શિષ્યત્વના આ ગુણોની પ્રાપ્તિ થઇ ગઇ, સમજી લ્યો કે, ગુરુની કૃપાને ઝીલવા આપણું ભક્તિનું ભાજન તૈયાર થઇ ગયું! હવે એ ભક્તિના ભાજનમાં તમારે તમારી શ્રધ્ધાની વાટ બનાવવાની છે અને તેમાં સમર્પણતાનું ઘી પૂરવાનું છે. બસ! પછી તમારે તમારી આદર્શ વ્યક્તિને, તમારા ગુરુને કહેવું નહીં પડે કે, ગુરુદેવ! મને સ્વીકારો....! ગુરુ સ્વયં ચીનગારી બની તમારી શ્રધ્ધાની વાટને પ્રજવલ્લિત કરી દેશે. અને એ જ્ઞાનનો પ્રકાશ આપણા અજ્ઞાનના અંધકારને દૂર કરી દેશે. આપણું જીવન તેજોમય બની જશે. આપણા કષાયો મંદ પડી જશે. આપણી સાધના સક્ષમ બની જશે. આપણા એક એક કદમ મોક્ષના શિખર તરફ આગળ વધતાં જણાશે.

ત્યારે, ગુરુ- શિષ્ય, બે આત્મા વચ્ચે સ્નેહ અને ભક્તિના સૂક્ષ્મ તારોનું એવું જોડાણ થશે જે એકબીજાથી ગમે તેટલાં દૂર હોવા છતાં પ્રત્યક્ષતાની પ્રતીતિ કરાવશે. પળે પળે ગુરુની કૃપાનો અહેસાસ થશે. ગુરુસ્નેહના સથવારે કઠોરમાં કઠોરમાં માર્ગ પણ સહજ બની જશે.

## ગુરુનું સતત સ્મરણ સાતત્ય સેતુનું સર્જન કરે છે.

ગુરુ મળ્યાં પછી ગુરુનું મૂલ્ય ન સમજનાર શિષ્ય અનંતકાળ ભવભ્રમણ કરે છે. માટે જ, ગુરુપૂર્ણિમાનાં પવિત્ર દિવસ મારે મારા પ્રિય અને આદર્શ પાત્ર ગુરુદેવને ભાવથી વંદના કરતાં વિનંતિ કરવી છેકે હે ગુરુદેવ! આજે મને એવી

શક્તિ આપો જેથી મારા ગુરુભક્તિના ભોજનમાંથી સમર્પણતાનું ઘી ન ખૂટે અને મારી શ્રધ્ધાની વાટ ક્યારેય ન બુઝાય.

એ ભાવને જવલંત રાખવાનો સંકલ્પ એ જ સાચી ‘‘ગુરુદક્ષિણા’’ છે.

બસ! આ ભાવ અને આ સંકલ્પ જ સાચું ગુરુપૂજન છે. સાચા અર્થમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી છે.

જેના જીવનમાં ગુરુનો પ્રવેશ થાય છે તેના જીવનમાંથી ગુરુત્તા (મોટાઇ) ની વિદાય થાય છે.

જે ગુરુત્વ મને પ્રભુત્વ અપાવે છે એ ભાવને લાખ લાખ પ્રણામ હોજો !

જે ગુરુકૃપા મારા અશકયને શકય બનાવે છે તેને કોટી કોટી નમન હોજો !

જેમણે મારા શિષ્યત્વને સ્વીકાર્યું છે એ પૂજનીય ગુરુના ચરણમાં અગણિત વંદન હોજો !

4

## અભિવ્યક્તિ

# પરમ અર્પણતા



### આત્મ સમપર્ણતા

'ગુરુપૂર્ણિમા' શબ્દ ભલે હિંદુ ધર્મ અને હિંદુ માન્યતા પ્રમાણે વિશેષ પ્રચલિત હોય પણ જૈન ધર્મમાં પણ ગુરુ-શિષ્ય પરંપરાનું એટલું જ વિશેષ મહત્ત્વ છે.

હર એક શિષ્ય, હર એક ભક્ત હર પલ, હર ક્ષણ, હર દિન પોતાના ગુરુ માટે કંઈક વિશેષ, કંઈક અનેરૂં, કંઈક અલગ ફીલ કરતાં હોય છે પણ પોતે જે અનુભવે છે તે દરરોજ ગુરુ સમક્ષ અભિવ્યક્ત પણ કરી શક્તાં નથી કેમકે ગુરુ ક્યારેક પ્રત્યક્ષ હોય તો ક્યારેક દૂર હોય, ક્યારેક બીઝી હોય અને બીજુ ગુરુને તો અનેક શિષ્ય અને હજારો ભક્તો હોય એટલે એ શક્ય બને જ નહીં.

પોતાના હ્રદયમાં ગુરુ પ્રત્યે જે ડીવાઈન પ્રેમ છે, શ્રધ્ધા છે, ભાવ છે, ભક્તિ છે, સમર્પણતા છે, જે કાંઈ પોતાના અંતરમાં છે તે ગુરુના અંતર આત્મા સુધી પહોંચાડવા માટેનો જે વિશેષ દિવસ છે તે 'ગુરુ પૂર્ણિમા' છે.

364 દિવસની અનુભૂતિને અભિવ્યક્તિ કરવાનો અવસર છે ગુરુપૂર્ણિમા !

પરમાત્મા કહે છે, ગુરુ પ્રત્યેનો એ પ્રેમ , એ ભાવ જ્યાં સુધી પ્રગટ ન થાય ત્યાં સુધી દ્દઢ ન થાય.

ગુરુ પ્રત્યેની ભક્તિ એ અનુભવવાનો વિષય છે પણ એ ભક્તિને પ્રગટ કરવાનો જે દિવસ છે તે ગુરુપૂર્ણિમા છે ! ગુરુ ભક્તિ પ્રગટ કર્યા પછી ગુરુની શ્રેષ્ઠતાની જે અનુભૂતિ થાય છે એ અનુભૂતિને ઉજવવાનો દિવસ છે ગુરુપૂર્ણિમા !

પૂર્ણિમા એટલે પૂનમ... પૂનમના દિવસે ચંદ્ર પૂર્ણ વિકસિત હોય છે, સોળે કળાએ ખીલેલો હોય છે અને એના કિરણોના કારણે એ દિવસે સાગરમાં પણ ભરતી આવે છે.

આકાશમાં જેટલાં પણ તત્ત્વો છે, નક્ષત્રો છે તેના કિરણોની અસર પૃથ્વી પરના પદાર્થો અને સૃષ્ટિના જીવોના માનસ પર થતી હોય છે. પૂનમના દિવસે જેવી રીતે સાગરમાં ભરતી આવે છે તેવી જ રીતે આત્માના ભાવોમાં પણ ભરતી આવે છે. આ દિવસે ભાવો ઉત્કૃષ્ટ થતાં હોય છે. ચંચળ મનની ચંચળતા વધી જાય છે, હ્રદય ઉત્કૃષ્ટ પ્રકારે ઉછળતું હોય છે અને આ દિવસે આયુષ્યનો પણ બંધ થતો હોવાથી વધુ ને વધુ શુભભાવમાં રહેવાની પ્રેરણા થતી હોય છે, વધારે ને વધારે ભક્તિ કરવાની પ્રેરણા થતી હોય છે.

અર્થાત્ કુદરતનો સાથ પણ 'પૂર્ણિમા' ના દિવસે હોય છે, મનનો સાથ પણ પૂર્ણિમાના દિવસે હોય છે, ભાવોની ઉત્કૃષ્ટતા પણ પૂર્ણિમાના દિવસે હોય છે

અને એની અભિવ્યક્તિ માટે પણ પૂર્ણિમા જ હોય છે. આ જ તો મહત્ત્વ હોય છે ગુરુપૂર્ણિમાનું !

## ગુરુપૂર્ણિમાને મહત્ત્વપૂર્ણ બનાવવા શું કરવું જોઈએ ? ?

જેમના જીવનમાં ગુરુ નથી તેમણે ગુરુના શરણે સમર્પિત થવું જોઈએ. કેમકે, આજ સુધી જેટલાં પણ આત્માઓ મોક્ષમાં ગયા છે દરેકની મોક્ષયાત્રા ગુરુના ચરણ અને શરણથી જ થઈ છે.

ગુરુ બન્યા વિના મોક્ષમાં જઈ શકાય પણ ગુરુ બનાવ્યા વિના મોક્ષમાં જવું અશક્ય છે.

જેઓ ગુરુના ચરણ અને શરણમાં સમર્પિત છે તેમણે આ દિવસે પોતાનું સર્વસ્વ ગુરુ શરણે સમર્પિત કરવું જોઈએ.

ગુરુપૂર્ણિમાં એટલે ગુરુને હૃદયમાં સ્થાપિત કરવાનો શુભ દિવસ અને સ્થાપિત કર્યા પછી પોતાનું સંપૂર્ણ અસ્તિત્વ સોંપી દેવાનો સંકલ્પ દિવસ ! એકવાર સોંપાયા પછી ગુરુ જ્યારે જેમ, જ્યાં રાખે તે બધું સ્વીકાર્ય ! પોતાની ઈચ્છાને શૂન્ય કરી ગુરુની આજ્ઞા પ્રમાણે જીવવાનું ! પોતાના મનનું મૃત્યુ કરીને ગુરુના આદેશ અનુસાર જીવવાનું !

એટલે સમર્પણ હજુ પણ સહેલું છે પણ સર્વસ્વ અર્પણ કરવું, અસ્તિત્વ સોંપવુ અતિ કઠિન છે. હોઠથી 'ગુરુદેવ' બોલવું બહુ સહેલું છે પણ હૈયાથી શિષ્યત્વ પ્રગટાવવું અત્યંત કઠિન છે.

ગુરુપૂર્ણિમા એ સમર્પણનો દિવસ છે, સંપૂર્ણ અર્પણ કરવાનો દિવસ છે અને જ્યાં સુધી આપણે અર્પણ નથી થતાં, ત્યાં સુધી આપણે પૂર્ણ પણ નથી બની શક્તાં.

સમગ્ર અસ્તિત્વ જ્યારે સોંપાય છે ત્યારે જ કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ થાય છે, જ્યાં સુધી સંપૂર્ણ પણે સોંપાઈ નથી જતાં, ત્યાં સુધી પૂર્ણ પણે પ્રાપ્ત નથી કરી શક્તાં.

હે ગુરુદેવ ! આજથી જે કાંઈ પણ મારૂં છે તે સર્વ તમારૂં છે, આપ જેમ રાખો તેમ, જ્યાં રાખો ત્યાં મને બધું મંજુર છે. આપ મને બોલાવો એવી કોઈ આશા નથી, આપ મારી સામે જુઓ એવી કોઈ અપેક્ષા નથી, મને આપની સામે જોવા મળ્યું એ જ મારા સૌભાગ્ય છે મને આપના દર્શન કરવાનો અવસર મળ્યો એ મારા પરમ સૌભાગ્ય છે, આપની પાસેથી કોઈ અપેક્ષા નથી અને મારૂં જે કાંઈ છે તે બધું જ આપનું છે, આ ભાવ અર્પણતાના ભાવ છે.

હું એમને બોલાવું અને એ મને બોલાવે, હું કાંઈક આપુ અને એ કાંઈક આપે એ તો સંસારમાં હોય, સંસારી વ્યક્તિઓ વચ્ચે હોય ગુરુ સાથે ક્યારેય ન હોય ગુરુ સાથે તો વન વે હોય ! અપેક્ષા વિનાની અર્પણતા !

તું મારી સામે જુએ કે ન જુએ, હું તારા સિવાય બીજુ કાંઈ ન જોઉં, તું મને માને કે ન માને, હું તારા સિવાય કોઈને ન માનું તું મને કાંઈ આપે કે ન આપે, હું મારૂં સમગ્ર અસ્તિત્વ તને સોંપી દઉં, આ ભાવ અને આ અનુભૂતિની ક્ષણ તે છે ગુરુપૂર્ણિમા !

મારૂં તન, મન, ધન એ તો અશાશ્વત છે ટેમ્પરરી છે, આ ભવ પૂરતું જ છે એ તો હું અર્પણ કરૂં જ છું પણ મારે તો જે મારૂં છે, જે શાશ્વત છે, જે ભવોભવ માટે મારૂં છે એ મારો આત્મા, એ આત્માને મારે ગુરુ ચરણે અર્પણ કરવો છે આ છે પરમ અર્પણતા !

જે શાશ્વત છે, જે કાયમ છે, જે મારૂં છે એને અર્પણ કરવા માટે છે ગુરુપૂર્ણિમા !

ગુરુ પ્રત્યે જયારે અકારણ ડીવાઈન પ્રેમ જાગે ત્યારે ત્યાગ જન્મે, જયારે

ત્યાગ જન્મે ત્યારે મારૂં બધું જ એમનું એ ભાવ જાગે.

સમર્પણતા જેમ જેમ વધતી જાય, તેમ તેમ અર્પણતા પણ વધતી જાય અર્પણતામાં આપવાનું શું હોય ?

મારી પાસે આપવા માટે મારા આત્મા સિવાય બીજું છે પણ શું ? જો એ જ હું ન આપી શકું તો, તેના સિવાય જે કાંઈ પણ આપું એનું મૂલ્ય જ શું ?

જેમણે મને અમૂલ્ય આપ્યું છે, અમૂલ્ય એવા આત્માની ઓળખ આપી છે, અને જે સ્વયં અસામાન્ય છે એમને હું સામાન્ય એવા પદાર્થની ભેટ અર્પણ કરૂં એ કેવું કહેવાય ? ? આતો લાખના બદલામાં રાખ આપ્યા જેવું કહેવાય ! !

**શ્રેષ્ઠ વ્યક્તિની શ્રેષ્ઠતાની અનુભૂતિ કરવાનો દિવસ છે ગુરુપૂર્ણિમા !**

જેમણે મારા અમૂલ્ય એવા આત્માનું દર્શન કરાવ્યું, આત્માની અનુભૂતિ કરાવી, અનંતકાળથી જેને હું ભૂલી ગયો હતો અને એ ભૂલવાના કારણે જ અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરતો હતો તે આત્માની મને યાદ કરાવી તેની શુધ્ધિ કરવાની પ્રેરણા કરી એની પ્રોસેસ બતાવી છે, જેમણે મારૂં અનંતકાળથી ખોવાઈ ગયું હતું તે મેળવી આપ્યું છે, જે મારી સ્મૃતિમાંથી વિસરાઈ ગયું હતું તેનું સ્મરણ કરાવ્યું છે, એ આત્મા છે એવી ખાત્રી કરાવી છે પ્રતીતિ કરાવી છે, તેવી શ્રેષ્ઠતમ વ્યક્તિને હું પામર શું આપું ? ?

છતાં મારી પાસે જે કાંઈ છે તે બધું જ આપી દેવું છે, જે મારૂં નથી પણ આજ સુધી મારૂં માન્યુ છે એ મન, વચન, અને કાયા પણ અર્પણ કરવા છે જેથી મારો ભ્રમ તૂટી જાય અને જે ખરેખર મારો છે એ આત્માને પણ અર્પણ કરવો છે.

સંસારની દરેક વ્યક્તિએ મને સંસારની સુખ સગવડતાઓ અને લાગણી આપી છે જયારે ગુરુએ મને આ બધાંથી શ્રેષ્ઠ મારા આત્માના હિત, શ્રેય અને

કલ્યાણ માટે ની સમજ આપી છે હું કોણ છું તેનો અનુભવ કરાવ્યો છે આજ સુધી હું જાણતો હતો કે આત્મા છે પણ હું માનતો ન હતો ગુરુએ મને રીયલાઈઝ કરાવ્યું છે કે આત્મા છે અને એટલે જ મને આત્મકલ્યાણના ભાવ જાગ્યા છે, એટલે જ મારે એમને મારૂં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જે છે તે અર્પણ કરવું છે આ ભાવ છે પરમ અર્પણતાના !

મારી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુ છે મારો આત્મા ! અને મારે આત્માને જો આપવો છે તો કેવી રીતે આપી શકું ? એ આત્મા જેની સાથે જોડાયેલો છે એ મન ને પહેલાં અર્પણ કરૂં છું, જે 'વચન' થી જોડાયેલો છે એ 'વચન' ને અર્પણ કરૂં છું. અને જે 'કાયા' થી જોડાયેલો છે એ 'કાયા' ને પહેલાં અર્પણ કરૂં છું.

'મન' હવે એમના સિવાય કાંઈ વિચારતું નથી એમની આજ્ઞા સિવાય કાંઈ વિચારતું નથી 'વચન' એમના ગુણો અને એમના કાર્યો સિવાય કાંઈ બોલતું નથી. 'કાયા' એમના આદેશ અનુસારના જ કાર્યો કરે છે. જ્યારે આવી 'પરમ અર્પણતા' આવે એટલે આત્મ અર્પણ સહજતાથી જ થઈ જાય.

મન, વચન, કાયાની અર્પણતા આવે એટલે અપેક્ષાઓ છૂટી જાય છે, આશા કોઈ રહેતી નથી અને અધિકાર બધો જવા લાગે છે.

**જ્યારે આશા અપેક્ષા અને અધિકારનું મૃત્યુ થાય છે**

**ત્યારે આત્માની અર્પણતા થાય છે, પરમ અર્પણતા થાય છે.**

આશા અપેક્ષા અને અધિકાર ત્યારે જ છૂટે છે જયારે ગુરુ પ્રત્યે અનન્ય ભક્તિ અને અહોભાવ પ્રગટ થાય છે.

આ ઋણ છૂટયા પછી જ્યારે આત્મા ગુરુ કે પરમાત્માનો બને છે તેને પરમ અર્પણતા કહેવાય છે, આત્માની અર્પણતા કહેવાય છે.

5

## ગુરુપૂર્ણિમા લક્ષ
# શૂન્યથી પૂર્ણ



### શૂન્યની દિશા

ગુરુ અને પૂર્ણિમા, આ બંને વચ્ચે શું સંબંધ હોય ? ગુરુ બીજ, ગુરુ પાંચમ કે ગુરુ આઠમ નહીં અને ગુરુ પૂર્ણિમા જ શા માટે ? પૂનમનો દિવસ જ શા માટે ? ?

પૂનમનો ચંદ્ર કેવો હોય ? એનો આકાર કેવો હોય ? ?

પૂર્ણ હોય કે શૂન્ય હોય ? ? પૂર્ણ પણ હોય અને શૂન્ય પણ હોય. શૂન્યની જે નિશાની છે તે જ પૂર્ણની નિશાની છે. પૂર્ણની જે નિશાની છે તે જ શૂન્યની નિશાની છે.

શૂન્યત્વ અને પૂર્ણત્વ વચ્ચે કંઈક કનેક્શન હોય છે અને એ કનેક્શન માટે જ તો છે ગુરુપૂર્ણિમા !

ચિંતન કરો, વિચાર કરો...

સહેલું અને સહજ શું ? શૂન્ય બનવું કે પૂર્ણ બનવું ? ?

ભગવાન બનવું સહેલું કે ભક્ત બનવું ?

ગુરુ બનવું સહેલું કે શિષ્ય બનવું ?

સહેલું જે પણ હોય પણ બધાંની દોટ પૂર્ણ બનવાની દિશા તરફ જ હોય છે, બધાંને સફળ થવું છે, બધાંને ટોપ લેવલ પર પહોંચવું છે. બધાંને પૂર્ણત્વમાં જ સૌથી વધુ રસ હોય છે.

બધાંને બધું જ જોઈએ છે, ભાગ્યે જ કોઈ વ્યક્તિ એવી હશે જે કહેતાં હશે, 'મારે કાંઈ જોઈતું નથી !'.

**મારે કાંઈ જોઈતું નથી, તે તરફની દિશા તે ગુરુપૂર્ણિમાની દિશા છે.**

દરેક વ્યક્તિ ચાહે નાના હોય કે મોટા દરેકને કંઈક તો જોઈતું જ હોય છે. સંસારી હશે એને ભૌતિક સુખ અને સાધનોની અપેક્ષા હશે, ભગવાનનો ભક્ત હશે એને ભગવાનના આશીર્વાદની આશા હશે. શિષ્ય હશે એને ગુરુકૃપાની ઝંખના હશે અને સંયમી હશે એને મોક્ષ પ્રાપ્તિની અભિલાષા હશે.

કંઈક જોઈએ છે, એમાંથી કાંઈ જ નથી જોતું, તે દિશા પકડવી તે શૂન્યની દિશા છે.

જે શૂન્યની દિશામાં જાય છે, તે જ પૂર્ણની દિશા હોય છે.

જે શૂન્ય બને છે, તે જ પૂર્ણ બને છે.

**જેને કાંઈ નથી જોઈતું, તેને જ બધું મળી જાય છે.**

વર્ધમાન મહાવીરે રાજ વૈભવ અને સુખના સાધનોનો ત્યાગ કર્યો હતો તે મોક્ષ પ્રાપ્તિની અભિલાષા સાથે નહીં, પણ જે ખોટું પકડાઈ ગયું હતું તે છોડવા માટે હતો.

ગુરુ પૂર્ણિમા માત્ર પ્રાપ્તિ માટે ન હોય પણ અજ્ઞાન અને અણસમજના કારણે જે ખોટું થઈ રહ્યું છે તેને સાચી દિશામાં લાવવા માટે હોય, જે ખોટું આત્મા ઉપર આવરણ રૂપે લાગી ગયું છે તેને દૂર કરવા માટે હોય !

ગુરુને સ્વીકારવાથી, ગુરુ ચરણમાં અર્પણ થવાની, ગુરુ એમના વિઝન દ્વારા આપણામાં જ્યાં જ્યાં ખોટ હોય, જ્યાં જ્યાં અવગુણો હોય તેને દૂર કરવા માટે પુરુષાર્થ કરાવે. ગુરુ માત્ર શબ્દોથી સમજ ન આપે પણ અંતર સ્ફુરણા કરાવે. ગુરુ માત્ર પ્રવચન દ્વારા પ્રેરણા ન આપે પણ એમના પોઝીટીવ વાઈબ્રેશન્સ દ્વારા તમારા હૃદયમાં એવા આંદોલનો સ્પંદિત કરે જેનાથી તમે ન વિચાર્યું હોય એવું વિચારવા લાગો, ન કર્યું હોય એવું કરવા લાગો, તમે ક્યારેય ધાર્યું ન હોય એવું તમારાથી થવા લાગે, તમને ખબર પણ ન પડે તેમ તમારૂં પરિવર્તન થવા લાગે, સ્વભાવ સુધરવા લાગે, વિચારો પોઝીટીવ થવા લાગે.

દરેક ભક્તના, દરેક શિષ્યના ગુરુ પાસે આવવાના નિમિત્તો અલગ અલગ હોય, લક્ષ્ય અલગ હોય, કારણ અલગ હોય પણ અંતિમ ધ્યેય એક જ હોય, 'સ્વ' ને જાણી, 'સ્વ' ને સુધારી, 'સ્વ' તરફ જવું, 'સ્વ' ને પામવું.

લોકોની આંગળીઓ કાપી, એનો હાર બનાવી ગળામાં પહેરનાર અંગુલીમાલ જ્યારે પ્રથમ વાર જ ગૌતમ બુધ્ધને દૂરથી એના વિસ્તારમાં આવતા જુએ છે અને એ સામે જાય છે. ત્યારે તેનું લક્ષ્ય ગૌતમ બુધ્ધને મળવાનું ન હતું પણ એમની આંગળીઓને કાપવાનું હતું. પણ જ્યાં ગૌતમ બુધ્ધની નજીક પહોંચે છે, એમની શ્વેત ઓરાના અવગ્રહમાં આવે છે, એમની પ્રેમ નીતરતી, કરૂણાભરી દૃષ્ટિ અંગુલીમાલ પર પડે છે અને અંગુલીમાલના હૃદયમાં કંઈક થવા લાગે છે, એના હાર્ટ બીટસ્ બદલાવા લાગે છે, એના શસ્ત્રો નીચે પડી

જાય છે અને આંગળીઓનો હાર પહેરવાવાળી વ્યક્તિ હાથ જોડવા લાગે છે, તેની પાપણ ઢળી જાય છે અને મસ્તક ઝૂકી જાય છે.

આજ સુધી અનેક સૌંદર્યવાન અને પાવરફુલ વ્યક્તિને જોયા હતાં પણ ક્યારેય આવું ફીલ થયું ન હતું. ગૌતમ બુધ્ધના આત્મિક સૌંદર્ય અંગુલીમાલની અંદરની આંખોને ખોલવા લાગ્યું. ક્યારેક આંખ ખુલે અને સૌંદર્ય દેખાય, અને ક્યારેક સૌંદર્ય દેખાય અને આંખ ખુલી જાય. આ જ ફરક હોય છે સંસારી વ્યક્તિ અને સાધક વ્યક્તિમાં !

**આત્મ સૌંદર્યની અનુભૂતિ સાથે**

**અંતરની આંખો ખોલવા માટે હોય છે ગુરુ પૂર્ણિમા !**

જેને ગુરુ પ્રત્યે આત્મિક પ્રેમ હોય, જેને ગુરુના આત્મગુણોનો અહેસાસ થતો હોય, જેના અંતરમાં ગુરુ પ્રત્યે અહોભાવ પ્રગટતો હોય તેને માટે હર દિન ગુરુ પૂર્ણિમા હોય !

કઠોર, નિષ્ઠુર અને અક્કડ અંગુલીમાલ ગૌતમ બુધ્ધના પ્રેમમાં ભિંજાય જાય છે, એ પ્રેમમાં એ પોતાને ભૂલી જાય છે, ત્યાં જ ગૌતમ બુધ્ધના વાક્યો એના કાનમાં પડે છે.

હે વત્સ ! તું જે કરે છે તે કોના માટે કરે છે ? શા માટે કરે છે ? તેનાથી શું મળે છે ? તું જે પાપ કરે છે, જેમના માટે કરે છે એમાંથી શું કોઈ પણ તારા પાપમાં ભાગીદાર બનશે ?

ગૌતમ બુધ્ધના શબ્દો અંગુલીમાલના હૃદયને હચમચાવી નાંખે છે. સત્યનું ભાન થાય છે, પોતાની ભૂલ સમજાય છે અને એકદમ સૂનમૂન થઈ જાય છે. ગૌતમ બુધ્ધના તેજને એ ઝીલી શક્તાં નથી. એમની શ્રેષ્ઠતાનો અહેસાસ એને

શૂન્ય બનાવી દે છે.

જ્યાં સુધી શ્રેષ્ઠતાનો અહેસાસ ન થાય, ત્યાં સુધી શૂન્યતાનું પ્રાગટ્ય ન થાય, જ્યાં સુધી શ્રેષ્ઠ શિષ્યત્ત્વ પ્રગટ ન થાય, ત્યાં સુધી ગુરુત્ત્વની અનુભૂતિ ન થાય. શ્રેષ્ઠ શિષ્યત્ત્વ ત્યારે જ પ્રગટે જ્યારે અસ્તિત્વ શૂન્ય થઈ જાય, અહમ્ ચૂર ચૂર થઈ જાય.

ભગવાન કહે છે, પોતાની જાતને શૂન્ય બનાવતાં અબજોના અબજો વર્ષ લાગે છે પણ એકવાર શૂન્ય બન્યા પછી પૂર્ણ બનતાં માત્ર 48 મિનિટ જ લાગે છે.

માટે જ, શૂન્ય બનવું ખૂબ જ અઘરૂં છે, જ્યારે પૂર્ણ બનવું ઘણું સહેલું છે.

પણ થાય છે શું ?

**પૂર્ણ બનવાની દોડમાં શૂન્ય બનવાની સાધના જ ભૂલાઈ ગઈ છે.**

ઈચ્છા, અહમ્, માન્યતાઓને છોડવા એ અનંતકાળની સાધના છે પણ એકવાર છૂટી ગયાં પછી મોક્ષ એકદમ નજીક થઈ જાય છે.

શૂન્યભાવ શું છે ?

મારે કાંઈ મેળવવું નથી, મારે કાંઈ જોઈતું નથી.

**શૂન્ય બનવું એટલે 'શું મળશે ?'**

**એની પરવા નહીં અને શું જોઈએ છે ? એવી ઈચ્છા નહીં.**

જેમની પાસે જઈને કાંઈ ન મળે અને જેમની પાસે ગયા પછી બીજે ક્યાંય જવાની જરૂર રહે નહીં તેનું નામ ગુરુ !

જ્યારે હૃદયમાં આ ભાવ પ્રગટ થાય અને આ ભાવની અનુભૂતિ થાય ત્યારે માનવું કે હવે ગુરુ મળ્યાં પણ છે અને ફળ્યાં પણ છે. ગુરુ જ્યારે ફળે ત્યારે હર દિન ગુરુપૂર્ણિમા હોય !

જ્યાં સુધી આ ભાવ ન પ્રગટે ત્યાં સુધી ભલે ગુરુ નજર સમક્ષ હોય છતાં જોજન દૂર હોય.

**મારે ગુરુદેવ પાસેથી કાંઈ જોઈતું નથી, કાંઈ મેળવવું નથી, એ મારી સામે જુએ કે ન જુએ, મને એમની સામે જોવા મળ્યું એ જ મારા પરમ સદ્‌ભાગ્ય છે, એ મને બોલાવે એ મારા સૌભાગ્ય અને ન બોલાવે તો પણ વાંધો નથી, જેવી એમને શાતા અને અનુકૂળતા ! આ છે શૂન્ય ભાવ અને આ શૂન્ય ભાવ જ પૂર્ણ તરફ લઈ જતી પગદંડી છે.**

મારે ગુરુ પાસેથી કાંઈ જોઈતું નથી અને મારે ગુરુ પાસેથી કાંઈ મેળવવું નથી, આવી નિ:સ્વાર્થતા જ્યારે આવે છે ત્યારે જે મળે છે તે અમૂલ્ય હોય છે, અણમોલ હોય છે, અનન્ય હોય છે. ત્યારે જે મળે છે તે મળ્યાં પછી દુનિયામાંથી કાંઈ મેળવવા જેવું રહેતું નથી.

અંગુલીમાલ શબ્દોની સાથે સંવેદનાને ફીલ કરે છે, એના કાનમાં શબ્દો ગુંજે છે... 'તું જેના માટે કરે છે, તે તારા પાપના ભાગીદાર બનશે ?' કે તારૂં પાપ તારે એકલા એ જ ભોગવવું પડશે ? ?

અંગુલીમાલ બે હાથ જોડી વિનંતી કરે છે :

હે ભગવંત ! આજથી મારા માટે જે યોગ્ય હોય, જે કરવા જેવું હોય એ આજ્ઞા કરો. આજથી આપની આજ્ઞા અનુસાર કરવું એ જ મારું કર્તવ્ય છે.

જે દિવસે તમે ગુરુના ચરણમાં અને શરણમાં જઈ બે હાથ જોડી વિનંતી કરો કે, હે ગુરુદેવ ! મને ખબર નથી મારા માટે શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી ? શું હિતકારી છે અને શું અહિતકારી છે ? માટે હે ગુરુદેવ ! આપ જ મને આજ્ઞા આપો, જે કરવા યોગ્ય હોય એવી આજ્ઞા આપો !

જે દિવસે આ વિનંતી, એ દિવસે ગુરુ પૂર્ણિમા !

'ગુરુદેવ' શબ્દ હોઠથી બોલવો અને હાર્ટથી અનુભવવો બંનેમાં બહુ મોટો ફરક હોય છે.

જેમની સમક્ષ શબ્દો સૂઝે નહીં, હોઠ ખુલે નહીં, કહેવું ઘણુ બધું હોય પણ એક અક્ષર પણ બોલી શકાય નહીં, તેને કહેવાય 'ગુરુ' નો અનુભવ, ગુરુતત્ત્વનો અહેસાસ !

**જ્યાં ભાવવિભોરતા હોય, અનંત ઉપકાર ભાવ હોય,**

**અનન્ય શ્રધ્ધા અને ભક્તિ હોય, અનુભૂતિનો જબરદસ્ત અહેસાસ**

**હોય પણ અભિવ્યક્તિ માટે શબ્દો ન હોય, તેવી ક્ષણ તે ગુરુપૂર્ણિમા !**

તે ભાવોની સંવેદના એટલે શૂન્યતા ! ! આ શૂન્યતા જ ગુરુકૃપા એ પૂર્ણતા તરફ લઈ જાય છે અને એક દિવસ પૂર્ણ બનાવે છે.

ગુરુ પૂર્ણિમા એટલે પૂર્ણ બનવા માટે શૂન્ય બનવાની શરૂઆત થવાનો અપૂર્વ અવસર !

જ્યારે ગુરુના ચરણમાં હૃદય સમર્પિત થાય છે, ત્યારે શબ્દો નથી હોતા, સંવેદન હોય છે, અક્ષરો નથી હોતા, અનુભૂતિ હોય છે.

**પૂર્ણ બનવાના લક્ષ્ય સાથે શૂન્ય બનીએ**

**એ જ ગુરુ પૂર્ણિમાની સાર્થક્તા છે.**

# 6

## ચરણથી શરણ...
## શરણથી પરમ...



### એક યાત્રા

એક આત્માને 'પરમ' સુધી પહોંચવું હોય તો તેને એક યાત્રા પૂર્ણ કરવી પડે. એ યાત્રાની શરૂઆત થાય પણ એ શરણ સુધી પહોંચવામાં આપણને અહમ્ અટકાવે છે. અહમ્નું જ્યાં સુધી મૃત્યુ ન થાય ત્યાં સુધી વ્યક્તિ ચરણમાં આવી શક્તી નથી.

ચરણમાં આવવા માટે અહમ્નું મૃત્યુ કરવું પડે છે પણ ચરણમાં આવ્યા પછી.... ચરણથી શરણ સુધી અને શરણથી પરમ સુધી પહોંચવા શું કરવું પડે ?

ચરણ સુધી પહોંચવા અહમ્ની સાથે મિથ્યાત્વ પણ નડે છે. જ્યાં સુધી મિથ્યાત્વ ભાવ હોય ત્યાં સુધી આત્મા ચરણ સુધી પહોંચી શક્તો જ નથી.

ચરણથી શરણ સુધી પહોંચવું છે. તો ચરણ અને શરણમાં ફરક શું છે ?

પગ સુધી પહોંચવું તે ચરણ અને હૃદય સુધી પહોંચવું તે શરણ છે.

પરમાત્મા કે ગુરુના પગ સુધી પહોંચવું તે ચરણ છે અને એમના હૃદય સુધી પહોંચવું તે શરણ છે. ગુરુના હૃદય સુધી પણ પહોંચી ગયા, હવે શરણથી પરમ સુધી પહોંચવું છે, તો પરમ સુધી પહોંચવા શું કરવું જોઇએ ?

**ચરણ સુધી પહોંચવા ઇગો છોડવો પડે અને**
**શરણ સુધી પહોંચવા ઇચ્છાઓ છોડવી પડે.**

ચરણ સુધી ઘણા બધાં લોકો આવી શકે છે. ગુરુને પગે લાગવું, પ્રવચન સાંભળવા આવવું એ ચરણ સુધી આવવું છે.

લાખો જીવો ચરણ સુધી પહોંચ્યા પછી શરણ સુધી પહોંચી નથી શક્તા કેમકે, તે બધાં પોતાની ઇચ્છાઓને ઘટાડી તો શકે છે પણ છોડી નથી શક્તા.

ઇચ્છાને ઘટાડવી સહજ છે પણ ઇચ્છાને છોડવી બહુ અઘરી છે.

પહેલાં વ્યક્તિ ચરણમાં આવે પછી શરણમાં આવે અને શરણ પછી પરમ સુધી પહોંચે.

શરણથી પરમ સુધી પહોંચવામાં નડે શું ?

**ઇગો છોડયો એટલે ચરણ મળ્યાં, ચરણ મળ્યાં પછી, 'મને જેમ રાખે, જ્યાં રાખે, તે બધું જ મંજુર છે,' એટલે ઇચ્છાઓ છૂટી ગઇ.**

અનંતકાળ સુધી આ જીવે, લાગણીઓ અને આકર્ષણમાં, ખેંચાઇ ખેંચાઇને ભવોના ભવ પૂરા કર્યાં છે અને ભવ પૂરો થવાનો હોય ત્યારે સમજ પડે કે જેની લાગણીમાં ખેંચાઇને ભવ પૂરો કર્યો તે તો ખોટું હતું !

પરમાત્મા કે ગુરુના ચરણ સુધી પહોંચવા માટે પણ અનંત સદ્ભાગ્યની જરૂર

પડે છે. પરંતુ ચરણથી શરણ સુધી પહોંચવામાં સદ્ભાગ્યની નહીં, સત્પુરુષાર્થની જરૂર પડે છે.

**ગુરુની પાસે આવવા માત્રથી ગુરુના દિલ સુધી પહોંચાતું નથી.**

'જે પોતાની તમામ ઇચ્છાને સ્મશાન સુધી મૂકી આવે છે તે જ શરણને પામે છે.' ઇચ્છા જ્યાં સુધી સ્મશાને પહોંચતી નથી ત્યાં સુધી શરણ મળતું નથી.

**ચરણ સુધી પહોંચવા અનંત પુણ્ય જોઇએ છે**

**અને શરણમાં પહોંચવા પ્રબળ પુરુષાર્થ જોઇએ છે.**

ગુરુના દિલ સુધી તો પહોંચી ગયા હવે 'પરમ' બનવું છે, ભગવાન બનવું છે કેવી રીતે બનાશે ?

ચરણ... શરણ... પછી 'સર્વજ્ઞ' બનવાનો પુરુષાર્થ કરવો પડે છે.

અત્યાર સુધી ગુરુનું મહત્ત્વ ખાસ ન હતું. ગુરુના ચરણ સુધી પહોંચવાનું હતું અને ગુરુના ચરણથી શરણ સુધી આપણે પહોંચવાનું હતું.

**ગુરુના ચરણ સુધી પુણ્યના આધારે અને**

**ગુરુના શરણ સુધી પુરુષાર્થના આધારે,**

**પહોંચ્યા પછી પરમ સુધી પહોંચવા ગુરુની જરૂર હોય છે.**

જગતના ૯૯.૯૯ ટકા સાધકો અહીંયા સુધી પહોંચીને પાછા વળી જાય છે. હવે એનાથી સાધના થતી નથી. તે વિચારે છે મેં મારૂં તમામ તમને સોંપી દીધું, મેં મારૂં બધું છોડી દીધું, મારો પરિવાર, ઘર બધું જ છોડી દીધું, મેં મારી ઇચ્છાઓ છોડી દીધી અને બધું તમારી માટે ! શું હવે તમે મારા નથી ?

ઇગો છૂટે ચરણ મળે, ઇચ્છા છૂટે શરણ મળે... પણ શરણમાં આવ્યા પછી શેની જરૂર પડે ?

દર સો સાધકમાંથી નેવું સાધકો જ ચરણ સુધી પહોંચે છે અને ૧૦ ટકા શરણ સુધી પહોંચે છે, પરંતુ ૧૦ માંથી એક ટકો જ પરમ સુધી પહોંચે છે.

શરણથી પરમ સુધી પહોંચવામાં શું નડે ? સર્વસ્વ અર્પણ કર્યા પછી સહજ મમત્ત્વ પણ ન હોય, ક્ષણિક મમત્ત્વ પણ ન હોય એ શ્રેષ્ઠ સાધના છે.

**સર્વસ્વ અર્પણ કર્યા પછી સંપૂર્ણ અસ્તિત્ત્વ સોંપ્યા પછી અધિકાર વિહીન થઇને રહેવું એ જ શ્રેષ્ઠ સાધના છે અને એ સાધના જે કરી શક્તા નથી તે ટૉપ પર પહોંચ્યા પછી પણ પાછા નીચે પડે છે.**

નીચે પડે છે ત્યારે, એનું હાર્ટ બ્રેક થઇ જાય છે, દિલ તૂટી ફૂટી જાય છે. ''હું ભ્રમમાં હતો કે ગુરુ મારા છે, પણ હવે ખબર પડી એ મારા નથી, મને એમ હતું કે એમને મારા માટે ખૂબ જ છે પણ એમને તો મારા માટે કાંઇ જ નથી !''

આ પ્રકારે દિલ તૂટયા પછી એ સમયે જે ટકી જાય તે શરણથી પરમ સુધી પહોંચી શકે અને એ સમયે જે ન ટકી શકે તે સીધા શરણથી ચરણમાં ! !

આ ત્રણ શબ્દોમાં કેટલું મોટું રહસ્ય છે ? આખા જૈન દર્શનનો સાર આ ત્રણ શબ્દમાં છે ચરણ, શરણ અને પરમ !

વ્યક્તિનો ગુસ્સો, વસ્તુઓ, સગવડતાઓ હજુ પણ છૂટી જાય, પદાર્થ પ્રત્યેનો મોહ પણ છૂટી જાય પણ અત્યંત વિનમ્રતાનો ભાવ રાખવો બહુ કઠિન છે એટલે ચરણની પ્રાપ્તિ પણ દુર્લભ છે. અનંત પુણ્ય પછી જ ચરણની પ્રાપ્તિ થાય છે, અનંત ભવ પછી જ ચરણની પ્રાપ્તિ થાય છે, અનંત સદ્‌ભાગ્ય પછી જ ચરણની પ્રાપ્તિ થાય છે, એનાથી આગળ વધીને અનંત, અનંત, અનંતકાળ પછી કર્મો જ્યારે હળવા થયાં હોય ત્યારે આત્માનો પરમ પદની પ્રાપ્તિનો પરમ સંયોગ કાળ જન્મે છે અને ત્યારે જ વ્યક્તિને ચરણની પ્રાપ્તિ થાય, ત્યાં સુધી ચરણ પણ ન મળે !

પરંતુ ચરણ મળ્યાં પછી શરણ સુધી પહોંચવા, તમામ પ્રકારની બુધ્ધિઓનું મૃત્યુ કરવું પડે છે.

**બુધ્ધિનું મૃત્યુ થાય તો જ ઇચ્છાનું મૃત્યુ થાય અને**

**ઇચ્છાનું મૃત્યુ થાય તો જ  શરણ સુધી પહોંચી શકાય.**

કઠિનમાં કઠિન હિમાલય ચઢવો હોય તો શેની જરૂર પડે ?

કોઇ એવા મજબૂત દોરડાની જરૂર પડે !

એમગુરુના હૃદય સુધી પહોંચવવા માટે ક્યા દોરડાની જરૂર પડે ?

ચરણ સુધી પહોંચવા ઇગો છોડવો પડે અને શરણ સુધી પહોંચવા ઇચ્છાઓ છોડવી પડે.

પણ, એ ઇચ્છાઓ છૂટે ક્યારે ?

જ્યારે તમે ગુરુના અનઅપેક્ષિત પ્રેમમાં પડો, ત્યારે !

નિસ્વાર્થ પ્રેમ જ તમારી ઇચ્છાને મારી શકે !

નિસ્વાર્થ પ્રેમ વગર ઇચ્છાઓ ક્યારેય મરે જ નહીં.

ઇચ્છા છોડવી છે, પણ છૂટે ક્યારે ?

જ્યાં સુધી ગુરુ પ્રત્યેક આત્મિક પ્રેમ ઉત્પન્ન ન થાય, ત્યાં સુધી ઇચ્છાઓ છૂટે જ નહીં !

પ્રેમમાં જ માણસ ભોગ આપી શકે, પ્રેમમાં જ વ્યક્તિ ત્યાગ કરી શકે !

જ્યાં સુધી હૃદયમાંથી એવા પ્રકારનો શુધ્ધ ડીવાઇન પ્રેમ પ્રગટે નહીં, ત્યાં સુધી ઇચ્છા છૂટે નહીં અને એ પ્રેમ વગર ગુરુના દિલ સુધી પહોંચી શકાય નહીં.

**અનંતકાળમાં બુધ્ધિ ક્યારેય ધર્મમાં સહાયક નથી થઇ,**

**માત્ર પ્રેમ જ સહાયક બન્યો છે.**

જ્યાં સુધી અંદરમાંથી ઓળઘોળ પ્રેમ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી ઇચ્છા છૂટે નહી.

**90 % ચરણ સુધી પહોંચે,**

**10 % શરણ સુધી પહોંચે અને 1 % પરમ સુધી પહોંચે.**

અરે ! એમને તો મારા માટે કંઇ જ નથી, અને હું આટલા વર્ષો ખોટો એમના પાછળ ખેંચાણો.

પણ જે એક ટકો છે તે વિચારે છે, જે થાય તે, જેમ રાખે તેમ, પણ હું એમના વિના રહી જ નહીં શકુ મારે તો એમના થકી જ મારા આત્મા સુધી પહોંચવું છે.

પોતે ઇગો છોડે તો ચરણ સુધી પહોંચે, પોતે પ્રેમમાં ઓળઘોળ થાય તો ઇચ્છા છૂટે અને શરણ સુધી પહોંચે પરંતુ શરણથી પરમ સુધી લઇ જવાનું કામ સાધકનું પોતાનું નથી.

ગુરુ ચરણથી ગુરુ શરણ સુધી પહોંચ્યા પછી પરમ સુધી જવાનું કામ સાધકનું પોતાનું નથી, એ કામ ગુરુનું છે. ગુરુ એની સાથે એવો વ્યવહાર કરશે જાણે એનું કોઇ અસ્તિત્ત્વ જ નથી. એની સામું નહીં જુએ, બોલાવશે નહીં, એ સમય આત્મા ભાંગી પડે. એ સમયે બધાં સપના ચૂર ચૂર થઇ જાય.

અરે ! જેમને' સર્વસ્વ' માની મારૂં સર્વસ્વ સોંપી દીધું એને જ મારૂં કાંઇ નથી ? બધાં માટે છે અને સિર્ફ મારા માટે જ કાંઇ નથી ? ?

'મારી બહુ મોટી ભૂલ હતી,' બસ, જેવી ભૂલ લાગી એટલે ભગવાન પ્રત્યેના એના ભાવમાં બ્રેક લાગી અને પહોંચી ગયો સીધો ચરણમાં ! એટલે આજ સુધી કરેલો તમામ પુરુષાર્થ ફેઇલ થઇ ગયો.

અરે ! ઘણા તો ચરણ પણ છોડી દે અને પહોંચી જાય પાછા મિથ્યાત્વમાં !

પાછો ઇગો આવી જાય, બસ ! હવે તો હું જઇશ જ નહીં !! હવે મારે એમની સાથે કાંઇ જ લેવા દેવા નથી

'પરમ' શું છે ?

'પર' માત્રથી 'પર' અવસ્થા !

આ અવસ્થામાં સાધક પારાની જેમ અલિપ્ત બની જાય છે.

હવે એનું બીજે ક્યાંય મન લાગતું નથી અને અહીંયા મમત્ત્વ થઇ શકે તેમ નથી. એટલે એની આંતરિક વીતરાગ દશા પ્રગટ થવા લાગે છે, એ વીતરાગ દશાના પ્રાગટ્યને 'પરમ' કહેવાય છે.

વીતરાગ દશાની પ્રાપ્તિ એટલે પરમ !

મમત્ત્વ જ્યારે તૂટે છે ત્યારે વીતરાગતા પ્રગટ થાય છે.

જે શિષ્યને ગુરુ પોતાના લાગે છે તેનો મોક્ષ સહજ થઇ જાય છે.

અહીંયા પણ એકબીજાના નથી અને છતાં એક, બીજાનું થાય છે પણ બીજું, એકનું થતું નથી. એટલે જ એને સંબંધ નહીં ઋણાનુબંધ કહેવાય છે.

આ પરમ રહસ્યને જે સમજતાં નથી, તે જ શિખર સુધી પહોંચીને પાછા તળેટીમાં આવી જાય છે.

મેઘકુમાર- ભગવાન મહાવીરના દર્શન કરવા જાય છે, એને તેને અંદરમાંથી ફિલ થાય કે આ ચરણમાં રહેવાથી જ મારા આત્માનું કલ્યાણ થવાનું છે અને ત્યાંને ત્યાં જ કહી દે છે ભગવાન ! મને દીક્ષા આપો ! હવે હું તમારા વિના રહી શકું એમ જ નથી.

ભગવાન કહે છે, જેમ સુખ ઉપજે તેમ કરો. સીધા ઘરે જઇને આજ્ઞા માંગે અને બીજે દિવસે આજ્ઞા લઇ પાછા મહાવીરના ચરણમાં !

મહાવીરના ચરણમાં રહેવા માટે, મહાવીરના પ્રેમ માટે, મહાવીરના

સાંનિધ્યમાં રહેવા માટે શું ન છૂટયું ? બધું જ છોડી દીધું. આઠ રાણીઓ, આઠ મહેલો, સોનું, રત્ન, ઝર ઝવેરાત, સુખ, સાધન, સામગ્રી બધુ જ છોડી દીધું.

મહાવીરના થવા માટે, મહાવીરના ચરણમાં રહેવા પોતાનો અહમ્ '' હું મેઘકુમાર '' એ પણ છોડી દીધો પણ ચરણમાં આવ્યાં પછી પહેલી રાત... એ રાતે સૂવા મળ્યું દરવાજા પાસે ! એક એક સાધુ આવ- જા કરે, ઊંઘ જ ન આવે. અરે ! ગઇકાલ સુધી, મેઘ-મેઘ કરતાં હતાં અને આજે ? ? જેવો હું એમનામાં ભળી ગયો, સાધુ બની ગયો એટલે આવો વ્યવહાર ? ? ન મહાવીરે સવારથી કાંઇ પૂછયું છે કે તને કેમ લાગે છે ? તે કાંઇ વાપર્યું ? કાંઇ જ નહીં ?ન બીજા કોઇએ મારો ભાવ પૂછયો કે ન કોઇએ ધ્યાન રાખ્યું. છેક દરવાજા પાસે સૂવાની જગ્યા આપી. એ ભૂલી ગયાં છે કે હું રાજાનો દીકરો છું !' ન હતો આવ્યો ત્યારે મેઘ મેઘ કરતાં હતાં અને હવે... સાવ આવું ?

સવારના જ મહાવીર પાસે જઇશ અને કહીશ, લ્યો ! આ તમારૂં રજોહરણ... મારે તમારી પાસે નથી રહેવું.

ચરણ થી શરણ સુધી પહોંચવાનું હતું પણ ક્યાં પહોંચી ગયાં ?

સવારના ધમધમ કરતાં મહાવીર પાસે જાય છે. ભગવાન ! આ શું છે ! પહેલાં રોજ મેઘ-મેઘ કરતાં હતાં અને જેવી દીક્ષા લીધી એટલે સામું પણ જોતાં નથી... મારે નથી રહેવું. આ લ્યો તમારૂં રજોહરણ !

જુઓ, અનંતકાળ પછી અનંત પુણ્યોદય થાય ત્યારે આત્મહિતકારી ઉપકરણની પ્રાપ્તિ થાય અને એ જ ઉપકરણનો આજે મેઘમુનિ અનાદર કરે છે !

હવે મહાવીર શું કરશે ? શું એમ કહેશે, ના મેઘ ! તું નહીં જા ! તારા વિના મને ગમશે નહીં, હું બધાંને સમજાવી દઇશ, બધાં હવે તારી સાથે સારો વ્યવહાર કરશે પણ તું અહીં રહી જા. શું આવું કહેશે ?

**'જે ગુરુ શિષ્યને પંપાળે છે તે ગુરુ શિષ્યનું પતન કરે છે.'**

જે ગુરુ શિષ્યની ઇચ્છાને પૂરી કરે તે ગુરુ ન હોય.

ગુરુ તો શિષ્યની ભાવ કતલ કરવાવાળા હોય. જે ગુરુ શિષ્યની લાગણીને પોષે છે, તે ગુરુ, ગુરુ થવાને લાયક નથી હોતા.

**''જો મહાવીરે મેઘને પ્રેમ આપ્યો હોત તો**
**મેઘનો મોક્ષ ન થયો હોત !''**

મહાવીરે કહ્યું, ખમ ! સાંભળ મારી વાત !

આજે તને જે દુ:ખ લાગી રહ્યું છે તેના કરતાં તો અનેક ગણા દુ:ખ ભૂતકાળમાં સહન કર્યાં છે. યાદ કર ગયા ભવમાં તું હાથી હતો અને જંગલમાં આગ લાગી ત્યારે તું જે રીતે જીવતો હતો શું એ દુ:ખ તને દુ:ખ, ન હતું લાગ્યું ?

મહાવીર આખો ભૂતકાળ યાદ કરાવે છે અને કહે છે તું આટલું સહન કરીને અહીં આવ્યો છે. એક સસલાને બચાવવા તે અઢી દિવસ સુધી એક પગ ઊંચો રાખ્યો હતો. મેઘ ! તારી એ સમતા ક્યાં ગઇ ? જેની સાથે તારી કોઇ ઓળખાણ ન હતી, કોઇ પહેચાન ન હતી, જેના પ્રત્યે તને કોઇ પ્રેમ ન હતો, લાગણી ન હતી છતાં એને બચાવવા માટે તારી જે નિ:સ્વાર્થ કરૂણા હતી એ ક્યાં ગઇ ? અને આજે એક સાધુનો જરાક પગ લાગ્યો તેમાં તને આટલું બધું દુ:ખ લાગી ગયું ?

મેઘ ! તું વિચાર કર તારો ભૂતકાળ શું હતો ? મેઘ ! હું તારા હિત, શ્રેય અને કલ્યાણ માટે કહું છું કે તારા ભૂતકાળને યાદ કર !

યાદ કર, મેઘ ! એક વાર તું પાણી પીવા તળાવ પાસે ગયો હતો ત્યાં કાદવમાં

તારો પગ ફસાઇ ગયો હતો, કેટલી મહેનત કરી હતી છતાં નિકળી શક્યો ન હતો અને એ જ કાદવમાં ઝૂરી ઝૂરીને ત્યાં જ મરી ગયો હતો ત્યારે તને બચાવનાર કોઇ જ ન હતું, ન રાજ, ન પાટ, ન વૈભવ, ન વિલાસ !!

મેઘને યાદ આવે છે, ત્યારે કોઇ પ્રેમ કરવાવાળું ન હતું. કોઇ સાચવવાવાળું ન હતું, કોઇ કેર કરવાવાળું ન હતું. ત્યારે કોઇની અપેક્ષા ન હતી તો આજે હું કેમ અપેક્ષા રાખું છું ? હું શા માટે કોઇની અપેક્ષા રાખું છું ?હું શા માટે મારૂં આત્મહિત હોડમાં મૂકીને પાછો આ સંસારમાં જવા માંગુ છું ?

મેઘના હૃદયમાં સદ્બુધ્ધિ આવવાની શરૂઆત થઇ ગઇ. ભગવાન ! મને ક્ષમા કરો, મેં મારા મોહના કારણે, મેં મારા અહંમના કારણે, મેં મારી ઇચ્છાઓના કારણે, તમારા આ પરમ ચરણ પ્રાપ્ત થયા પછી તમારૂં સાંનિધ્ય પ્રાપ્ત થયાં પછી, અનંતકાળે, અનંત જીવોમાંથી કોકને જ પ્રાપ્ત થાય એવું સદ્ભાગ્ય પ્રાપ્ત થયા પછી, મારા અહંમ્ના કારણે મારી ઇચ્છાઓના કારણે, જે કાંઇ પણ ભાવ દર્શાવ્યાં હતાં તે બધાં અપરાધોની ક્ષમા માંગું છું. આજથી મારી બે આંખ, જેના પલકારા ઉપર મારો કંટ્રોલ નથી તેને છોડીને, મારૂં સમગ્ર અસ્તિત્ત્વ જેના ઉપર મારો કંટ્રોલ છે, તે મારૂં તન, મન, ચિત્ત, આત્મા સર્વ આપના શરણ અને ચરણમાં અર્પણ કરૂં છું. તમે જેમ રાખશો, જ્યાં રાખશો તેમ અને ત્યાં રહીશ. આજથી મારી તમામ ઇચ્છાઓ આપના ચરણમાં સોંપું છું.

મેઘે શું કર્યું ? પાછા ચરણથી શરણ સુધી પહોંચી ગયાં. સંકલ્પ કર્યો કે આજથી મારું મન, વચન અને કાયા જે કાંઇ પણ કરશે એ ભગવાનની આજ્ઞા અને ઇચ્છા મુજબનું જ હશે.

ચરણમાં આવવા માટે અહમ્ છોડવાનો છે. શરણ સુધી પહોંચવા ઇચ્છાઓને છોડવાની છે અને શરણથી પરમ સુધી પહોંચવા આત્મિયતા હોવા છતાં

અધિકાર છોડવાનો છે.

**‘‘ અધિકાર વિનાની આત્મિયતા જ આત્મ વિકાસનું કારણ છે.’’**

અસ્તિત્ત્વ જ્યારે શૂન્ય બને છે ત્યારે ચરણની પ્રાપ્તિ થાય છે.

શૂન્ય બનેલું અસ્તિત્ત્વ જ્યારે સંપૂર્ણ પણે જેને ચરણ સોંપ્યું છે તેમાં મિક્ષ થઇ જાય છે ત્યારે શરણની પ્રાપ્તિ થાય છે. જેને પોતાની ઇચ્છા પ્રમાણે રહેવું છે, મોક્ષના દરવાજા તેના માટે બંધ થઇ જાય છે. મને જેમ રાખશો, જ્યાં રાખશો, તેમ રહીશ એવા ભાવ જ્યારે પ્રગટે છે ત્યારે જ સાધક દશા પ્રગટ થાય છે.

પોતાની મેળે મુક્તિ મેળવવા આજ સુધી અનંતા જીવે પ્રયત્ન કર્યો છે. પોતાના આત્માને સુધારવા આજ સુધી અનંતા જીવે પુરુષાર્થ કર્યો છે, પરંતુ એ બધાં ચરણ સુધી પહોંચી જાય છે પણ શરણનો સ્વીકાર ન થવાથી પરમ સુધી પહોચી શકતાં નથી.

શરૂઆત થાય છે ચરણથી, મધ્યમાં શરણ આવે છે અને અંતે ‘પરમ’ ની પ્રાપ્તિ થાય છે. આ એક યાત્રા છે.

ચરણમાં આવ્યાં પછી શૂન્ય... શૂન્ય... શૂન્ય બનતાં જાઓ, ઓટોમેટીક શરણ મળી જશે.

‘‘શૂન્ય બને એને ગુરુના દિલ સુધી પહોંચવું નથી પડતું, એ પહોંચી જાય છે.’’

સર્વસ્વ જ્યારે શૂન્ય બને છે ત્યારે જ અર્પણ થવાય છે.

પરમાત્મા કે ગુરુના ચરણ મળે એવા અતિ અલ્પ આત્માઓ છે. જેણે ભૂતકાળમાં અનંત પુણ્ય ઉર્પાજન કર્યું હોય,પોતાના અહમ્‌ને છોડવા પ્રબળ પુરુષાર્થ કર્યો હોય તે જ ચરણ સુધી પહોંચી શકે છે.

ચરણ સુધી પહોંચવું જ કઠિન છે તો શરણ સુધી પહોંચવું તો અત્યંત કઠિન છે. મોટા ભાગે લોકોને ચરણ સુધી પહોંચી જાય એમાં જ સંતોષ થઇ જાય એટલે શરણ સુધી પહોંચવાનો પુરુષાર્થ કરે જ નહીં.

જો ચરણથી શરણ સુધી જ ન પહોંચે તો શરણથી પરમ સુધી તો ક્યાંથી પહોંચે ?

એટલે ભૂતકાળમાં લાખો વખત જૈન ધર્મ મળવા છતાં પણ જીવે મોટામાં મોટી ભૂલ એક જ કરી છે કે એણે, ''ચરણ વગરનું આચરણ કર્યું છે.''

એટલે શું ? એણે પોતાની જાતને ચરણમાં સોંપ્યા વિના જ આરાધનાઓ કરી છે, આચરણ કર્યું છે.

ચરણ વગરનું આચરણ એને સંસાર રુપી રણથી છોડાવી શકતું નથી.

ચરણમાં આવ્યા પછી પણ જ્યાં સુધી અહમ્ અને ઇચ્છાઓ પૂર્ણ પણે નાશ પામતી નથી,ત્યાં સુધી ગુરુના દિલ સુધી પહોંચાતું નથી.

જ્યાં સુધી દિલ સુધી પહોંચતા નથી, ત્યાં સુધી ઇચ્છાઓ સળવળ્યા જ કરે છે. ઇચ્છાના મૃત્યુ માટે પરમ પ્રેમમાં ઓળઘોળ થવું પડે છે, તો જ ઇચ્છાઓ છૂટે છે. હવે ઇચ્છાઓ છૂટી ગઇ, ગુરુના દિલ સુધી પહોંચી ગયા. ગુરુને પોતાના બનાવી લીધા ત્યારે જ, એ જ સમયે એને ખબર પડે કે અરે ! અહીં તો મારા જેવા અનેક છે, હું તો એમ માનતો હતો કે એ મારા જ અને હું એક જ એમનો છું.આ માનવું એ સંસાર છે.

**હું ગુરુદેવ માટે છું અને ગુરુદેવ પરમાત્માના છે, એ સાધક પણું છે.**

**હું એના માટે છું અને એ મારા માટે છે, એ સંસાર છે.**

**હું તમારો જ છું પણ તમે પરમાત્માના છે ! એ સાધકના ભાવ છે.**

ભગવાને કહ્યું છે, તારામાં ક્રોધ માન, માયા, લોભ, રાગ, દ્વેષ, પરિગ્રહ બધું જ હશે તો પણ ચાલશે, એ મંજુર છે કેમકે એ બધું જ એક જ ક્ષણમાં છૂટી જશે. જે છંદને છોડે છે તેનો તરત મોક્ષ બતાવ્યો છે. જે ક્રોધ ને છોડે છે તેનો તરત મોક્ષ નથી બતાવ્યો. રાગ, દ્વેષને છોડે એટલે તરત મોક્ષ, એવું ક્યાંય નથી કહ્યું... કેમકે એ બધું જ એકના કારણે છે, એ છે

**પોતાનો છંદ, પોતાની ઇચ્છા !!**

જે ઇચ્છાને છોડાવે તેનું નામ પ્રેમ છે.

પ્રેમને ખાતર માણસ બધું જ છોડી શકે છે.

ઇચ્છાના મૃત્યુથી જન્મે છે શરણભાવ. શરણભાવ એ ગુણ છે અને એ ગુણમાંથી પ્રગટતો અવગુણ છે **'મમત્ત્વ'.** શરણમાં આવ્યા પછી,

**અહમ્ છૂટે તો ચરણ મળે છે,**

**ઇચ્છા છૂટે તો શરણ મળે છે અને મમત્ત્વ છૂટે તો પરમ મળે છે.**

ગુણમાંથી પ્રગટેલા અવગુણને દૂર કરવા માટે જ ગુરુની જરૂર છે.

ગુણની દિશામાં તો લાખો લોકો આગળ વધે, પણ દરેક ગુણમાંથી અવગુણ પેદા થાય.

ઉપવાસ કરે એટલે તરત જ કતૃત્વ ભાવ આવી જાય કે, 'મેં ઉપવાસ કર્યો, એટલે અવગુણ આવી ગયો, એક પણ ગુણ એવો નથી જેમાંથી અવગુણ ઊભા ન થાય.

**તમારા ગુણ પ્રગટ થાય તે પરમાત્માનો ઉપદેશ છે અને**

**તમારા ગુણમાંથી પ્રગટેલાં અવગુણને જે મારે તે ગુરુનો આદેશ છે.**

**ઉપદેશ અને આદેશ જ્યાં સુધી મિક્ષ ન થાય ત્યાં સુધી 'મોક્ષ'ન થાય.**

જેવા છો તેવા, જો ગુરુના જ હો તો મોક્ષની જવાબદારી ગુરુની હોય.

ચરણથી શરણ સુધી પહોંચવા માટે ગુરુનો ડીવાઇન'પ્રેમ' જ કારણ ભૂત છે.

નિ:સ્વાર્થ પ્રેમ જ ઇચ્છાને મારે છે.

જ્યાં સુધી ઉત્કૃષ્ટ કક્ષાનો પ્રેમ પ્રગટ થતો નથી, ઉત્કૃષ્ટ કક્ષાની સમર્પણતા જ્યાં સુધી અંદરમાંથી પ્રગટ થતી નથી, ત્યાં સુધી વ્યક્તિ સંસારમાં ક્યાંયને ક્યાંય અટેચ હોય છે.

એટલે આ પરમ સત્યને આ રહસ્યને જાણવું જો સહેલું હોત તો બધાંનો મોક્ષ સહજ હોત.

જો આ ભવે મોક્ષ માટેનો પરમ પુરુષાર્થ ન ઉપાડયો તો આના પછી ક્યાં ભવમા મને આવી સમજ મળશે ? કોણ મને આ સત્ય સમજાવશે ? બાકીના ભવોમાં તો સમજ કે સમજાવનાર છે જ નહીં, બાકીના ભવોમાં તો અણસમજ જ છે એટલે મનુષ્ય ભવ પામવા છતાં અનેક જીવો એવા છે જે લોકો પોતાના આત્માના પરમ કર્તવ્યને ઓળખી શક્યા જ નથી અને પોતાના પરમ કર્તવ્યને ન જાણવાને કારણે અનેકવાર મનુષ્ય ભવની પ્રાપ્તિ થવા છતાં પણ જીવ ટોપ ઉપર પહોંચીને પાછો નીચે પછડાય જાય છે.

વસ્તુ, વ્યક્તિ, પદ, પ્રતિષ્ઠા, મોહ, સુખ બધું એને લલચાવે છે, આકર્ષે છે એટલે એને સત્યની સમજની, સત્યની પ્રાપ્તિની અણમોલ તક મળી છે તેની વેલ્યુ સમાજાતી નથી.

દીવો ન હોય અને અંધારામાં માણસ કૂવામાં પડી જાય તો એ ગુનેગાર ન કહેવાય. કેમકે, અંધારૂં હતું, ખબર ન પડી ચાલવા ગયાં અને પડી ગયાં પણ, હાથમાં દીવો આપવા છતાં પણ જો કૂવામાં પડે તો એ શું કહેવાય ? એમ ગુરુ

કે પરમાત્માના ચરણ અને શરણ રૂપી દીવાની પ્રાપ્તિ થાય અને પછી જો સંસારની કોઇ વ્યક્તિ કે વસ્તુ ગમી જાય અને એ જો મોહ રૂપી કૂવામાં પડી જાય તો તેને શું કહેવાય ? ?

એટલે ગુરુ જ્યારે પ્રેમ આપે ત્યારે અંદરમાંથી એલર્ટ થઇ જવાનું, આ એમનો પ્રેમ માત્ર મારા આત્માની પ્રગતિ માટે છે, મારી પ્રજ્ઞા પ્રગટાવવા માટે છે.

ગુરુ જ્યારે પ્રેમ વરસાવતા હોય ત્યારે એક જ વસ્તુ યાદ રાખવી,

**આ પ્રેમ દુનિયાનો કે દુનિયાના લોકો જેવો પ્રેમ નથી,**

**આ પ્રેમ માત્ર મારા આત્મા માટે અને મારા આત્માને તારવા માટે છે.**

**આ પ્રેમ નથી, મારા પ્રત્યેની કરૂણા છે.**

જો ગુરુને તમારા માટે લાગણી થાય તો ગુરુ ભગવાનને ચૂકી જાય, ભગવાન છૂટી જાય !

માટે જ ગુરુનો પ્રેમ, પ્રજ્ઞા સાથેનો હોય છે, જ્યારે સંસારનો પ્રેમ રાગ સાથેનો હોય છે.

ગુરુ પ્રેમમાં સમજ હોય છે, સંસારી પ્રેમમાં અણસમજ હોય છે, રાગ હોય છે અને રાગમાં અધિકાર હોય છે.

અત્યંત પ્રેમનો અનુભવ કરવા છતાં પણ અંદરમાંથી ખબર હોવી જાઇએ કે આ પ્રેમ મારા માટે મોક્ષનું કારણ છે.

ગુરુનો જે પ્રેમ તમને મોક્ષ સુધી લઇ જનારો હોય, તેને જ તમે રાગ બનાવી ધ્યો તો એ રાગ જ તમારા માટે ડૂબવાનું કારણ બની જાય.

જે પ્રેમમાં મોક્ષ સુધી લઇ જવાની તાકાત છે, એ જ પ્રેમમાં નરક સુધી લઇ જવાની પણ તાકાત છે.

જો તમે શુધ્ધ બુધ્ધિથી ગુરુ પ્રત્યે પ્રેમ ભાવ રાખશો તો મોક્ષનું કારણ બનશે અને અશુધ્ધ બુધ્ધિ વાપરશો તો એ નરકનું કારણ બની જશે.

જ્યાં સુધી અત્યંત પ્રેમ નથી થતો ત્યાં સુધી મોક્ષ નથી થતો.

અત્યંત પણે જ્યાં સુધી હૃદયમાંથી સર્વસ્વતાની અનુભૂતિ ન થાય ત્યાં સુધી શરણ ભાવ પ્રાપ્ત ન થાય અને જ્યાં સુધી શરણ ભાવ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મોક્ષ ન થાય.

એટલે જ્યાં સુધી આત્મા અત્યંત પ્રેમમાં ઓળઘોળ નથી થતો ત્યાં સુધી ઇચ્છાઓ છૂટતી નથી, એ પ્રેમમાં ઓળઘોળ થયાં પછી એ પ્રેમમાંથી પ્રજ્ઞા પ્રગટ કરવાની છે, એ પ્રેમમાંથી આત્મતત્ત્વ પ્રગટ કરવાનું છે, પણ એ થતું નથી એટલે ત્યાંથી જ જીવ પાછો ફરે છે.

સદ્‌ગુરુ મારા આત્મા માટે હિતકારી છે  તેમને હું મારી તમામ ઇચ્છાઓના ભોગે પણ પામી લઉં. કેમકે, મેં આ સંસારમાં કાંઇ પહેલીવાર જન્મ લીધો નથી, મેં આ સંસારમાં અનેકવાર જન્મ લીધો છે, કેટલી વસ્તુઓ અને કેટલી વ્યક્તિઓને ભોગવી છે પણ આજ સુધી એમાંથી ક્યારેય તૃપ્તિનો અનુભવ કર્યો નથી. આ ભવે શરણ સુધી પહોંચીને ત્યાં ટકવું છે અને પરમ સુધી પહોંચવાનો પુરુષાર્થ કરવો છે.

જ્યારે વ્યક્તિ પ્રેમમાં પડે છે ત્યારે ‘હું’ અને ‘ક્યાં ?’ આ બે શબ્દોનો છેદ ઊડી જાય છે. જો આ બે શબ્દો છે તો હજુ માત્ર ચરણ સુધી જ પહોંચ્યા છો, ચરણથી શરણની શરૂઆત પણ થઇ નથી.

ચરણથી શરણની શરૂઆત થાય એટલે વ્યક્તિ ભાન ભૂલીને જ્યારે ભળવા લાગે ત્યારે હું અને ક્યાં ? ના પ્રશ્નો જ ના રહે. હું શું છું ? હું ક્યાં છું ? એ ભાન જ ન રહે.

હું ક્યાં છું, એ મને ખબર નથી પણ હું ક્યાં છું એ તને ખબર છે, મેં મારૂં બધું તને સોંપ્યું છે, હવે હું ક્યાં છું, એ તારે જોવાનું છે, મારે ક્યાં પહોંચવું એ તારે જોવાનું છે. મને સંસારમાં નાંખવો કે મોક્ષ સુધી લઇ જવો એ તારી જવાબદારી છે, મેં તો સઘળું તને સોંપી દીધું છે.

આ છે ચરણથી શરણ સુધી પહોંચ્યાની યાત્રા !

**'ચરણ સુધી પહોંચ્યા પછીના વિકલ્પો ચરણથી દૂર કરી દે છે.'**

**ચરણ સુધી પહોંચ્યા પછી શરણની યાત્રા**

**એની મેળે જ શરૂ થઇ જાય છે.**

વિચારો તો ખરા, ગૌતમ સ્વામીને કેવું જ્ઞાન, કેવા પ્રખર અને મહાપંડિત , અઢળક સંપત્તિ, હજારો લાખો લોકો જેને માનવાવાળા હોય, જેને લાખો લોકો પગે લાગતા હોય, એ જ્યારે ભગવાન મહાવીરના ચરણમાં બેઠાં હોય, દિન હીન થઇ, ઉકડુ આસને બેઠાં હોય ત્યારે શું વિચાર આવે કે હું ક્યાં છું ? હું કોણ છું ? લોકો શું વિચારશે ?

**જે વિચારતા હોય કે લોકો શું કહેશે ? શું માનશે ? એ ગુરુના ચરણમાં હોય તો પણ ગુરુના અવગ્રહ સુધી પણ પહોંચી શક્તાં નથી.**

પહેલાં અવગ્રહ સુધી પહોંચવાનું હોય પછી જ ચરણ સુધી પહોંચાય.

જેને દુનિયાની પરવા હોય, જેને લોકો શું વિચારશે, હું ક્યાં છું ? એવા વિચારો પણ આવતા હોય તે ક્યારેય અવગ્રહમાં પણ ન હોય . ચરણ અને શરણની વાત તો દૂર રહી.

સોંપાયા પછી હું કેટલો આગળ વધ્યો એની ચિંતા મારે નથી કરવાની, એમને કરવાની છે. હું વધુ છું કે નહીં, એ ચિંતા પણ એમને કરવાની છે. એ મને

સંસારમાં મોકલે તો પણ એમની જવાબદારી છે અને મને વિશ્વાસ છે એ સંસારમાં મોકલીને પણ મને તારશે. આ ભાવ હોય તો વ્યક્તિ સંસારમાં રહીને પણ મોક્ષમાં પહોંચી જાય.

આજે લોકો ઘણું ધર્મ ધ્યાન કરે છે, સાધના આરાધના કરે છે પણ મુખ્ય રહસ્ય, મેઇન સિક્રેટને સમજી શક્તાં નથી.

એટલે આજના મોટાભાગના લોકો જે દોડી રહ્યાં છે તે  ઘોડી ચડાવ્યા વિનાની સાયકલને પેડલ મારવા જેવું કાર્ય કરે છે એટલે જ્યાં છે, ત્યાંના ત્યાં જ રહે છે જરા પણ આગળ વધતાં નથી.

પરમના માર્ગમાં આગળ વધવા શું પુરુષાર્થ કરવો જોઇએ ?

પુરુષાર્થ એક જ હોય મારે મારી ઇચ્છાને છોડીને ,તારી ઇચ્છામાં જીવવું છે, એ પુરુષાર્થ છે.

**પ્રેમમાંથી જે પ્રગટે તે પુરુષાર્થ છે અને**
**મગજમાંથી જે પ્રગટે તેનું નામ ક્રિયા છે.**

સદહામિ- હું શ્રધ્ધા કરૂં છું.

પત્તિઆમિ- હું પ્રતીતિ કરૂં છું.

રોએમિ- હું રૂચી કરૂં છું.

ફાસેમિ- મને એનો સ્પર્શ કરવો છે.

પાલેમિ- મને જેમ કહે તેમ જ કરવું છે.

અણુપાલેમિ- માત્ર કરવું નથી અનુભવવું છે.

ભગવાને વિશ્વાસના આ સ્ટેપ્સ્ બતાવ્યાં છે શ્રધ્ધાના આ પગથિયાં છે.

આ એક એવી સંધિનો માર્ગ છે, આ મારી અને એમની વચ્ચે એક એવું જોડાણ

છે જેમાં કોઇ જાતની કોઇ આર્ગ્યુમેન્ટ નથી. આ પ્રેમની પારાવારતા છે. જ્યાં સુધી આત્મા આ પ્રેમની પારાવારતા ન અનુભવે ત્યાં સુધી આત્માનું કલ્યાણ થાય નહીં.

આ એક એવો માર્ગ છે જે મારા આત્માને પરમ તત્ત્વ સાથે જોડી દે છે. અહીંયા જે સ્થિર થઇ જાય છે તે બોધ પામી જાય છે, મોક્ષ પામી જાય છે, પરિનિર્વાણને પ્રાપ્ત કરી જાય છે, સર્વ દુ:ખોનો અંત કરી દે છે. માટે જ હું એમના પ્રત્યેની શ્રધ્ધાને, ભક્તિને અંદરમાંથી અનુભવું છુ, એમના પ્રત્યે શ્રદ્ધા કરૂં છું, એમને રીયલાઇઝ કરૂં છું. આ જ મારી માટે યોગ્ય છે. બાકી કાંઇ જ નથી. મારા આત્મામાંથી એમના પ્રત્યે અત્યંત રૂચિનો ભાવ થાય છે, મારા અસ્તિત્ત્વને એમના અસ્તિત્ત્વમાં ઓગાળી દેવાની તાલાવેલી જાગે છે.

## પરમની પ્રાપ્તિ એ પરમ પુણ્યોદય છે.

પરમની પ્રાપ્તિ પછી જે પ્રાપ્ત થાય તે આપણો પરમ પુરુષાર્થ હોય અને એ પુરુષાર્થ પછી જે પ્રાપ્ત થાય એ જ પરમ છે.

વસ્તુઓ, વ્યક્તિઓ, લાગણીઓ, પ્રેમ, ખૂબ મળશે સંસારમાં ઘણું બધું મળશે પણ એ બધું જ મળેલું છૂટવાવાળું મળશે. એ મારૂં નહીં હોય અને મારૂં ન હોય એવું મને ગમે તેટલું પણ મળે એ મેળવીને ફાયદો શું ?

સંસારનું એ સુખ ક્યાં સુધી હશે ? એ ક્ષણિક હશે, આ જીવન પૂરતું હશે પણ, અનંતની યાત્રા, અનંત સુધી જેની સાથે જોડાયેલાં છો એમાં એ કાંઇ કામનું નથી.

શરણથી પરમ સુધી પહોંચવા 'ગુરુ'ની સાથે ગુરુ પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસ પણ હોવા જોઇએ.

7

## સર્વસ્વની પ્રાપ્તિ
# શરણં સર્વસ્વમ્...



### ઐક્યતા

શરણ... શરણ એટલે શું ?

એક હોય શરણ અને એક હોય સંબંધ !!

જેમાં રોંગ આઇડેન્ટીટીના કારણે... હું આ અને તું આ, હું પતિ અને તું પત્ની, હું મા અને તું દીકરો, હું ભાઇ અને તું બહેન, એવા પ્રકારના રીલેશન હોય તેને સંબંધ કહેવાય.

સંબંધમાં બહારનું અસ્તિત્વ હોય. સંબંધમાં ક્યારેક પ્રેમ હોય તો ક્યારેક નફરત, ક્યારેક રાગ હોય તો ક્યારેક દ્વેષ, સંબંધમાં આપ-લે હોય, લેવડ-દેવડનો વ્યવહાર હોય.

જ્યારે એક આત્મા ગુરુ કે પરમાત્મા સાથે જોડાય જાય છે ત્યારે શું તેને સંબંધ

કહેવાય ? ના, તેને સંબંધ નહીં, શરણ કહેવાય છે. કેમકે, શરણમાં માત્ર પ્રેમ હોય, નફરત ન હોય, શરણમાં દ્વેષ ન હોય. શરણમાં આપ- લે ન હોય. શરણમાં માત્ર આપવાનું હોય, 'સ્વ' ને પામવાનું હોય !!

'મારે મારૂં બધું જ આપના ચરણમાં અર્પણ કરવું છે, મારે મારૂં અસ્તિત્વ આપને સોંપી દેવું છે, મારે આપની સાથે એકમેક થઇ જાવું છે, મારે આપના જેવા બનવું છે.' આ છે શરણભાવ !!

જ્યારે એક આત્મા ગુરુ કે પરમાત્માના શરણનો સ્વીકાર કરે છે ત્યારે બે ભાવ આવે છે. એક ભાવ હોય છે 'સર્વમ્' અને એક ભાવ હોય હોય છે 'સર્વસ્વમ્ !!''

મારી પાસે જે કાંઇ છે, એ હું આપને સોંપી રહ્યો છું. મન, વચન, કાયા, મારી સંપત્તિ, મારી વસ્તુઓ, મારી પાસે જે કાંઇ છે તે બધું જ આપને સોંપી રહ્યો છું. આ બધું જ એટલે 'સર્વમ્ !!''

પણ શું આ બધું તેનું હતું ? ના, તે તેને પોતાનું  માનતો હતો એટલે તે તેનો ભ્રમ હતો.

જે મારૂં નથી, છતાં હું તેને મારૂં માનું છું અને મારૂં માનીને તેને અર્પણ કરૂં છું એટલે એને કહેવાય છે, શરણમાં સર્વ અપર્ણ કરવું, **શરણં સર્વમ્ !!**

તો પછી 'સર્વસ્વમ્' શું છે ?

સર્વસ્વમ્ મારો આત્મા છે. મારા માટે મારૂં સર્વસ્વ મારો આત્મા છે. એટલે જ્યારે હું મારા આત્માને જ મારા ગુરુ કે પરમાત્માના શરણમાં અર્પણ કરૂં છું, પછી મારી પાસે મારૂં કાંઇ જ રહેતું નથી.

એકવાર આત્મ અર્પણ કર્યા પછી મારો આત્મા જ એમનો થઇ ગયો. જ્યારે એમનો થઇ જાય એટલે એમના જેવો જ થઇ જાય !!

જ્યારે ગુરુ કે પરમાત્માનો યોગ થાય છે ત્યારે સર્વ પ્રથમ 'સર્વ' અર્પણ કરવાની ભાવના થાય છે, પછી સર્વસ્વમ્ સોંપવાના ભાવ થાય છે.

પ્રથમ સ્ટેપમાં સંસારમાં રહી 'સર્વ' અર્પણ કરાય છે અને બીજા સ્ટેપમાં સંસારનો ત્યાગ કરી 'સર્વસ્વ' અર્પણ કરાય છે.જ્યારે સર્વસ્વમ્ અર્પણ થાય છે, ત્યારે મારૂં તન મારૂં નથી રહેતું,મારી ઇચ્છા મારી નથી રહેતી, મારૂં અસ્તિત્વ મારૂં નથી રહેતું. મેં તો મારૂં સર્વમ્ આપના શરણમાં સમર્પિત કરી દીધું છે. જ્યારે મારો આત્મા જ આપને અર્પણ કરી દીધો. ત્યારે હું તો આત્માથી જ આપની પાસે છું. એટલે હવે નથી મારૂં કોઇ નામ કે નથી મારૂં કોઇ કામ !! એટલે જે થાય છે તે આપના થકી જ થાય છે, આપના માટે જ થાય છે, જે કાંઇ થાય છે તે આપની આજ્ઞાથી જ થાય છે, આપના વિચારોથી થાય છે, આપના ભાવો અનુસાર જ થાય છે, આપની કૃપાથી જ થાય છે !!

આ છે આત્મિક અર્પણતા અને આત્મિક અર્પણતાને કહેવાય છે **''શરણ સર્વસ્વમ્''.**

શરણં સર્વમ્થી શરૂઆત થાય અને શરણં સર્વસ્વથી પૂર્ણ થાય.

'શરણ' એને જ કહેવાય જેમાં બધું અર્પણ કરવાના ભાવ હોય. અર્પણ ત્યારે જ કરી શકાય, જ્યારે તમારા મોહ-માયા ઘટે, જ્યારે મમતા અને એટેચમેન્ટ ઘટે, જ્યારે સંબંધો ઘટે !!જ્યાં સુધી માતા- પિતા, ભાઇ-બહેન, પિતા- પુત્ર જેવા સંબંધો છે ત્યાં સુધી ગુરુ કે પરમાત્માના કેવી રીતે થઇ શકાય ?

જ્યાં સુધી મારૂં 'કોઇક' છે, ત્યાં સુધી હું તારો કેવી રીતે બની શકું ? જે દિવસે 'મારૂં' કોઇ નહીં રહે, તે દિવસે હું તારો બની જઇશ. જ્યાં સુધી 'હું' છું, ત્યાં સુધી  ઇગો છે, અહમ્ છે. 'હું' છું, તો સુખ અને દુ:ખ છે, 'હું' છું, તો મારી ઇચ્છા છે. જો 'હું' હું જ ન રહું તો જ મારૂં સમર્પણ કહેવાય છે.

ગૌતમ જ્યારે મહાવીરના શરણમાં આવ્યા ત્યારે તેમણે તેમનો આશ્રમ, સગા સંબંધીઓ, ૫૦૦ શિષ્યો, અઢળક સંપત્તિ બધું જ છોડી દીધું હતું, એક ન હતું છોડયું 'હું'. ત્યાં સુધી ગૌતમના મનમાં હતું, 'હું ઇન્દ્રભૂતિ ગૌતમ છું.' એટલે જ્યારે મહાવીર 'ગૌયમા' કહેતાં કે તરત જ ગૌતમની આંખો ચમકી ઉઠતી, હા, હું ગૌતમ છું અને મહાવીર મને બોલાવી રહ્યાં છે.

ગૌતમે મહાવીરના શરણમાં 'સર્વમ્' સોંપ્યું હતું, સર્વસ્વ નહીં!! પણ જે દિવસે મહાવીર મોક્ષમાં ગયાં, ત્યારે એમણે એમના અસ્તિત્વને ભૂલાવી દીધું.

જે દિવસે એમણે અસ્તિત્વને ભૂલાવ્યું, તે દિવસે તે મહાવીરના નહીં સ્વયં 'મહાવીર' બની ગયાં.

**મહાવીરના બનવું તે 'શરણં સર્વ' છે, અને**

**મહાવીર બની જવું તે 'શરણં સર્વસ્વ' છે.**

એટલે 'શરણ' એ જ છે જે સર્વસ્વની પ્રાપ્તિ કરાવે છે.

સર્વસ્વ જે દિવસે અર્પણ થઇ જાય, તે દિવસે શરણ થઇ જાય.

સર્વસ્વ અર્પણની શરૂઆત સર્વ અર્પણથી થાય છે. જ્યારે 'કંઇક ' છૂટે છે, ત્યારે જ બધું છૂટે છે. પ્રેમ, ભક્તિ, શ્રધ્ધા શું છે ?

જ્યારે ગુરુ કે પરમાત્મા માટે બધું છૂટવા લાગે, ત્યારે સમજવું તમને ગુરુ કે પરમાત્મા પ્રત્યે સાચો પ્રેમ થવા લાગ્યો છે. ડીવાઇન લવ થવા લાગ્યો છે, જ્યારે બધું છૂટવા લાગે ત્યારે સમજજો કે તમે ગુરુ કે પરમાત્માના ચરણમાં અર્પણ થવા લાગ્યાં છો, શરણમાં આવવા લાગ્યા છો.

શરણની વ્યાખ્યા શું છે ? શરણ એટલે સર્વ છૂટવું, બધું છૂટી જવું !!

સર્વ છૂટવું એ અલગ વાત છે અને 'સર્વસ્વમ્ ' છૂટવું એ અલગ વાત છે.

સર્વ છૂટયાં પછી પણ ‘સ્વ’ છૂટતું નથી. જે દિવસે ‘સ્વ’ છૂટી જાય છે તે દિવસે ‘શરણં સર્વસ્વ’ થાય છે.

**સર્વમથી સર્વસ્વ એક યાત્રા છે.**

**આત્માથી પરમાત્મા બનવાની યાત્રા છે.**

**પણ, આત્મા ડાયરેકટ પરમાત્મા નથી બની શક્તો,**

**પહેલાં હોય છે સંસારી આત્મા, પછી સંયમી આત્મા,**

**પછી સાધક આત્મા અને પછી શુધ્ધ આત્મા.**

આ જે આત્માથી પરમાત્મા બનવાની યાત્રા છે, તેના સ્ટેપ્સ શું છે ?

**શરણં સર્વ... શરણં સર્વસ્વ ! !**

જે દિવસે સર્વસ્વ સમર્પિત થઇ જાય છે તે દિવસે અસ્તિત્વ શૂન્ય થઇ જાય છે અને જે દિવસે અસ્તિસ્વ પૂર્ણ પણે શૂન્ય થઇ જાય છે, ત્યારે મારો ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષા, રાગ, દ્વેષ કાંઇ જ મારૂં રહેતું નથી.

જ્યારે મારૂં અસ્તિત્ત્વ જ મારૂં નથી તો મારા અસ્તિત્ત્વ સાથે બનતું કાંઇ પણ મારૂં ક્યાંથી હોઇ શકે ?મારૂં અસ્તિત્ત્વ, મારૂં તન, મારૂં મન બધું જ આપની સેવામાં સમર્પિત છે. મારી હર ઇચ્છા તારી સેવામાં સમર્પિત છે.

તન અને મનને સોંપવું એ શરણં સર્વ છે, અને આત્માને અર્પણ કરવો એ શરણં સર્વસ્વ છે.

અત્યારે તમે તન અને મનને ગુરુના શરણમાં સોંપ્યું છે, એટલે તન-મનથી ગુરુની સેવા થાય છે પણ હજુ પણ અસ્તિત્ત્વ તો જીવંત જ છે. ‘હું ’હજુ છે.

જ્યાં સુધી અસ્તિત્ત્વ જીવંત છે, ત્યાં સુધી સર્વ અર્પણ થઇ શકે છે, પણ સર્વસ્વ નહીં ! !

‘‘શરણં સર્વમ્... શરણં સર્વસ્વમ્ !!’’

આ એક યાત્રા છે આત્માથી પરમાત્મા બનવાની !! જેને સમજવું બહુ કઠિન છે, પણ એકવાર જે સમજી જાય છે તે સર્વસ્વ ને પામી જાય છે.

આ વાતને સમજવામાં શું નડે છે ?

મારી ઇચ્છા, મારો ઇગો, મારા વિચારો અને મારૂં અસ્તિત્ત્વ !! ‘‘હું કંઇક છું.’’ જ્યાં સુધી હું કંઇક છું, ત્યાં સુધી હું કાંઇ જ નથી, આ વાત સમજવી બહુ અઘરી છે.

ધર્મની આ સ્થિતિને જે નથી સમજી શક્તાં, તેને માટે ધર્મ માત્ર બાહ્ય જ બની રહે છે, જ્યાં સુધી ‘ હું’ છે, ત્યાં સુધી આંતરિક સ્થિતિ સમજી શકાતી નથી અને એટલે જ આટલાં વર્ષો ધર્મ કર્યા પછી પણ પરમાત્મા પાસેથી કંઇક અપેક્ષા છે.

જ્યાં સુધી ‘‘ હું’’ છે, ત્યાં સુધી આશા અને અપેક્ષા છે.

જ્યારે હું જ ગુરુ કે પરમાત્માનો થઇ જાઉં છું, પછી મને એમની પાસેથી શું જોઇએ ?

ગુરુ કે પરમાત્માના પ્રેમને પામવાની ઝંખના ક્યારે હોય ? જ્યારે બંને અલગ અલગ હોય !!

ગુરુદેવ મારી સામે જુએ, મારી સાથે પ્રેમથી વાત કરે, એનો અર્થ શું થયો ? તમે હજુ ગુરુ સાથે એકમેક નથી થયાં, તમે હજુ ગુરુ ને મળ્યાં છો, ગુરુમાં ભળ્યાં નથી. તમારા અસ્તિત્ત્વને, ગુરુના અસ્તિત્ત્વમાં ઓગાળ્યું નથી.

જેને પ્રેમની અપેક્ષા હોય તે ક્યારેય પરમાત્મા ન બની શકે, સર્વસ્વ જ્યારે અર્પણ થઇ જાય છે, ત્યારે કંઇ જ પામવાની ઇચ્છા રહેતી નથી, મને શું મળશે ? એવો વિચાર આવતો નથી.

જ્યારે એવું ફીલ થાય કે ગુરુદેવે મારી સામે જોયું, મારી સાથે વાત કરી, મારી સામે પ્રેમથી જોયું ત્યારે યાદ રાખવું કે તમારી વેલ્યુ ડાઉન થઇ રહી છે, તમે ગુરુથી અલગ થઇ રહ્યાં છો.

આશા અને અપેક્ષાથી, ગુરુ અને ભક્ત અલગ થઇ જાય છે, 'મને એમની પાસેથી કંઇક મળ્યું.' એનો અર્થ એ થયો કે હું એમનાથી અલગ છું.

જો અમે બંને એકમેક છીએ તો જે એમનું છે તે મારૂં છે, જે મારૂં છે તે એમનું છે. જો એમનું બધું જ મારૂં છે, તો મારે એમની પાસેથી મેળવવાનું જ શું હોય ? જરૂર જ ક્યાંથી હોય ?

શરણં સર્વથી, શરણં સર્વસ્વ, એક આધ્યાત્મિક યાત્રા છે અને જે અધ્યાત્મના ઊંડાણ સુધી પહોંચ્યા છે તે જ સમજી શકે છે.

જે સાગરના પેટાળ સુધી જાય છે તે જ મોતીને મેળવે છે... કિનારે ઊભા ઊભા જોનારને શું મળે ?

જ્યારે ગુરુના શરણમાં સર્વ સોંપ્યા પછી સર્વસ્વ એટલે કે આત્માને અર્પણ કરશો ત્યારે જ અસ્તિત્ત્વને ગુરુરૂપી સાગરમાં ભેળવી શકશો.

જ્યારે અસ્તિત્ત્વ ગુરુરૂપી સાગરમાં એકમેક થઇ જશે, ત્યારે મોક્ષરૂપી મોતી પ્રાપ્ત થશે. ત્યારે જ શરણં સર્વથી, શરણં સર્વસ્વની યાત્રા પૂર્ણ થશે, સર્વસ્વની પ્રાપ્તિ થશે.

**ગુરુના ચરણ  જેને પોતાનું ઘર લાગે...**

**અને ચરણ સિવાયનું બધું રણ લાગે... એને જ શિષ્ય કહેવાય.**

# 8

## જલ બિન મત્સ્ય,
## ગુરુ બિના શિષ્ય !



### તડપ

એક ભકત જયારે ગુરુથી અવિભકત થાય છે, ગુરુ સાથે એક મેક થઈ જાય છે, ગુરુમય બની જાય છે, ગુરુમાં ઓતપ્રોત થઈ જાય છે ત્યારે તેના હૃદયમાં કેવા ભાવ ઊઠે છે, ગુરુ માટે કેવી કેવી કલ્પના કરે છે અને ગુરુ વિનાની એની તડપ કેવી હોય છે એ તો એક ભકત હૃદય જ જાણે અને ભકત હૃદય જ અનુભવી શકે.

આ છે ભકત હૃદયની કથા અને વ્યથા...

હે ગુરુદેવ !

જન્મો જન્મની તારી યાદ શું આવી કે હૃદયમાં શ્રધ્ધાનો દીપક પ્રજવલ્તિ થઈ ગયો અને હું તારા શરણમાં આવી ગયો ! તારા દર્શન થયા અને મારા અરમાન પૂરા થયાં, તારા સાંનિધ્યમાં બધાં તીર્થ સમાઈ ગયા !

હે ગુરુદેવ !

તમે કરૂણાના સાગર છો અને હું એમાં એક મત્સ્ય છું. એક મત્સ્ય બનીને સાગરની વિશાળતામાં મસ્ત બનીને જીવું છુ. સાગર જ મારૂં જીવન છે, સાગર જ મારો શ્વાસ છે, સાગર જ મારૂં સર્વસ્વ છે.

હે ગુરુદેવ !

હવે મોહમાયાના મોજા ગમે તેટલો શોરબકોર કરે કે દુ:ખની લહેરો આવે, મને કોઈ ફરિયાદ નથી, મને કોઈ ભય નથી કેમકે હું તારા શરણમાં સુરક્ષિત છું, સલામત છું.

હે ગુરુદેવ !

હવે એક જ વિનંતી છે, મને આપનાથી દૂર કયારેય ના કરશો કેટલાય પુણ્યનો સ્ટોક ભેગો થયો હશે ત્યારે આપણો આ સંયોગ થયો છે. હે ગુરુદેવ ! હવે એક ક્ષણ પણ વિયોગની વસમી છે, એ કલ્પના પણ કંપિત કરનારી છે.

શું એક મત્સ્ય જલ વિના જીવી શકે ? એક ભકત એના ગુરુ ભગવંત વિના રહી શકે ? ? અરે ! એક એક ક્ષણ, એક એક યુગ સમાન લાગે.. ગુરુ વિનાનું જીવન એટલે શ્વાસ વિનાનું શરીર !

ગુરુ બિન શિષ્ય એટલે સાગર બિન મત્સ્ય ! !

મત્સ્ય અને શિષ્ય બન્ને અસ્થિર હોય.

મત્સ્ય પાણીમાં તરતો હોય અને શિષ્ય ગુરુભકિતમાં ! !

જેમ મત્સ્યને પાણી વિના ચેન ન પડે તેમ શિષ્યને ગુરુ વિના ચેન ન પડે !

જેમ મત્સ્યનો શ્વાસ જ જલ હોય તેમ શિષ્યના હર એક શ્વાસમાં ગુરુનું સ્મરણ હોય, હર એક ભાવમાં ગુરુનું સાંનિધ્ય હોય.

જેમ જલ વિના મત્સ્ય તરફડે, જલમાં જવા માટે તડપે, છટપટ થાય, તેમ એક શિષ્યને પણ જયારે એનું અસ્તિત્વ, ગુરુના વ્યકિતત્વથી દૂર થતું જણાય ત્યારે તેની તડપ, અંદરનો તરફડાટ પણ મત્સ્ય જેવો જ હોય. ન એને કયાંય ચેન પડે, ન એ શાંતિથી જીવી શકે, ન એ કાંઈ ખાઈ શકે અને ન કાંઈ પી શકે. એનું મન ગુરુ સ્મરણમાં જ હોય, એનું તન ગુરુ સાંનિધ્યને જ ઝંખતુ હોય, એનો આત્મા ગુરુ માટે તડપતો હોય, અસહ્ય વેદના અનુભવતો હોય !

પાણીની અંદર જેમ એક મત્સ્ય ખુશીથી આમ તેમ દોડાદોડી કરે.. ઉપર-નીચે થાય, ઉછળ કૂદ કરે એમ ગુરુના સાંનિધ્યમાં પણ શિષ્ય પ્રસન્ન- પ્રસન્ન હોય. એના હૃદયમાં કંઈક કરવાના, કંઈક પામવાના ભાવો ઊછળતાં હોય એના હાથ, પગ, હાર્ટ બધું જ દોડતું હોય પણ ગુરુ વિના ! ! !

ગુરુ વિના નિશ્ચેત, ઉદાસ, શાંત, સ્થિર હોય ન હોય ચહેરા પર આનંદ, ન હૈયામાં ઉંમંગ, ન હૃદયમાં ઉંર્મિઓ, ન હાથ-પગમાં જોમ !

ગુરુ વિનાના જીવનમાં.. શ્વાસ વિનાના જીવનમાં ન હોય કોઈ પણ જાતની સંજ્ઞાઓ કે ન હોય કોઈ પણ જાતના ભાવો ,બસ ! એક જ તડપ, એક જ ધૂન.. એક જ રટણ.. જયાં મારા ગુરુ ત્યાં હું ! !

ગુરુ વિના જે રહી શકે, જીવી શકે એ કયારેય શિષ્ય ન હોય, શિષ્ય હોય એ કયારેય ગુરુ વિના ચેનથી રહી જ ન શકે, શાંતિથી જીવી જ ન શકે, એની તડપ, એની બેચેની, એનો તરફડાટ, એની વ્યથા એને કયાંય શાંતિ લેવા જ ન દે !

આવી તડપ કયારે થાય ? ? જયારે એના ગુરુ.. એના ઋણાનુબંધનું પાત્ર, અકારણ ડીવાઈન પ્રેમનું પાત્ર, સંયમના માર્ગે હોય, પરમાત્માના પંથે હોય, મોક્ષના માર્ગે હોય અને પોતાને સંસારમાં રહેવું પડતુ હોય !

એ હોય સંસારમાં.. સંસારી સંબંધોની વચ્ચે પણ એમું મન હોય ગુરુના શરણમાં !

એનું જીવન હોય સંસારના વ્યવહારોમાં પણ એનો જીવ હોય ગુરુના સાંનિધ્યમાં !

એનું તન હોય સંસારીઓની વચ્ચે પણ એનું મન હોય ગુરુના ચરણમાં !

એની આંખોમાં હોય ગુરુની આકૃતિ, એના શ્વાસમાં હોય ગુરુનું સ્મરણ, એના હોઠ ઉપર હોય ગુરુનું નામ, એના હાર્ટમાં હોય ગુરુની સ્મૃતિ! ન એને સ્નેહીઓનો સ્નેહ આકર્ષી શકે કે ન એને પરિવારનો પ્રેમ લલચાવી શકે. બંધાની વચ્ચે હોય છતાં ભાવથી તો ગુરુની સાથે જ હોય !

જેમની સાથે જન્મો જન્મનું કનેકશન હોય એવા સદ્ગુરુ માટે જયારે આવી તડપ, આવી વ્યથા આવી અનુભૂતિ અનુભવાય ત્યારે સમજવું કે શિષ્યત્વ સાર્થક થયું છે, શિષ્યત્વ વિકસી રહ્યું છે.

શું દિલ ધડકન વિનાનું હોય ? તો શિષ્ય કેવી રીતે ગુરુ વિનાનો હોય ? ?

શું મત્સ્ય સાગર વિના ..જલ વિના રહી શકે ?

તો શિષ્ય,ગુરુ વિના કેવી રીતે રહી શકે ?

# 9

# અપૂર્વ યોગ



## અરજી

**ગુરુદેવ!**

યાદ આવે છે મને આજે એ ક્ષણ.... જ્યારે મેં પહેલી વાર આપના દર્શન કર્યાં હતાં, આપની પ્રેમ ભરી આંખોને નિહાળી હતી અને આપની દૃષ્ટિ મારા પર પડી હતી, એ દૃષ્ટિમાં એવું તે શું હશે જેણે આત્મચેતનાને જાગૃત કરી ? મારા હૃદયમાં ભાવ જાગ્યાં મારા અંતરમાં શ્રધ્ધા પ્રગટી.

**ગુરુદેવ!**

જો ઋણાનુંબંધ છે એવું અનુભવાય છે, તો આપણા બંનેના માર્ગ જુદા કેવી રીતે હોઇ શકે ? હું સંસારમાં કેવી રીતે રહી શકું ? હું રાગમાં કેવી રીતે રહી શકું? હું સંસારમાં... સ્નેહીના મોહમા કેવી રીતે

રહી શકું ? મને સંસાર પ્રત્યેનું આકર્ષણ કેવી રીતે થઇ શકે ?

**જો મારા ગુરુ કર્મ ક્ષય કરવાના માર્ગ પર છે**

**તો હું કર્મ બંધના માર્ગ પર કેવી રીતે રહી શકું ?**

જો એ આત્મા મોક્ષ તરફ છે, તો હું સંસાર તરફ કેમ ? ? જો મારા ગુરુ સંસારથી અલિપ્ત છે તો હું સંસારથી લિપ્ત કેવી રીતે રહી શકું ?

હા, મને ખબર છે આ ભવમાં પણ આટલાં વર્ષો વિખૂટા રહ્યાં, તેનું કારણ ગુરુદેવ ! મને સમજાય ગયું છે. મને ક્યાંક અને ક્યાંક ગુરુનો અવિનય, અભક્તિ, અપરાધ કે અશાતના કર્યા છે, શ્રધ્ધા ને ઘટાડી ને શંકા કરી છે. માટે જ, મારે મારા ગુરુથી દૂર રહેવાનો સમય આવ્યો, પણ ગુરુદેવ ! હવે મારે એક ક્ષણ પણ ગુમાવવી નથી.

***ગુરુદેવ!***

હું આપના શરણમાં તો આવ્યો હતો પણ બુધ્ધિથી જન્મેલાં વિચારોને કારણે, હે ગુરુદેવ ! આજે હું હૃદયથી, આત્માથી સમર્પિત થવા આવ્યો છું, મારૂં આત્મસમર્પણ કરવા આવ્યો છું.

***હે કરૂણાના સાગર !!***

મારો સ્વીકાર કરો... મારો સ્વીકાર કરો !

***ગુરુદેવ!***

તમારૂં અને મારું કનેક્શન તો ભવોભવનું છે. આ મારા મોહના કારણે, મારા રાગ ને કારણે, મારૂં આપની સાથેનું કનેક્શન થોડું લૂઝ થઇ ગયું હતું, પણ હવે આ ભવે ફરી આપની કૃપા વરસી, આપની કરૂણા વરસી અને મારા હૃદયમાં ફરી ભાવ જાગ્યાં, મારૂં હૃદય તારા પ્રેમના પાવન જળમાં ભિંજાવા

લાગ્યું, મારૂં હૃદય એક અનન્ય અનુભૂતિ અનુભવવા લાગ્યું, ગુરુદેવ ! અને એક અપૂર્વ યોગ સર્જાય ગયો !

ગુરુદેવ ! મને સમજાય ગયું કે, જો હવે હું આ ભવે, મારા પુરુષાર્થમા મંદ પડીશ તો આવો યોગ, આવો સંયોગ, મારા ગુરુદેવ, મારો માનવભવ, મારા ઋણાનુંબંધનું પાત્ર, અને એ પણ મોક્ષના માર્ગે હોય અને મને એમની પ્રેરણા મળે... મને એ એમની સાથે લઇ જવા તૈયાર થાય, એ ક્યારે મળશે ?

ગુરુદેવ ! અનંતકાળ પછી આવો અપૂર્વ યોગ સર્જાયો છે. ગુરુદેવ ! હવે આપના ચરણ અને શરણમાં રહી, આપની આજ્ઞા અનુસાર આરાધના કરી, આપની સાથે જ મોક્ષમાં આવવું છે અને એટલે જ ગુરુદેવ ! આજે હું મારૂં હૃદય, મારો આત્મા, મારૂં સર્વસ્વ આપને અર્પણ કરું છું, આપના શરણમાં સમર્પિત કરું છું.

***હે ભંતે !***

મને ખબર છે, હું ગૌતમ સ્વામી જેવો પાત્રવાન નથી પણ મને વિશ્વાસ છે આપ મહાવીર જેવા અનંત કરૂણાના મહાસાગર છો...

***હે ભંતે !***

આપ મારો સ્વીકાર કરો... મારો સ્વીકાર કરો !

***હે મારા પરમ પ્રિય !***

તારા શરણમાં સુખ છે, શાંતિ છે. તારા શરણમાં પ્રેમ છે, હુંફ છે. તારા શરણમાં સર્વસ્વ છે. તારા શરણમાં મોક્ષ છે. મોક્ષથી શ્રેષ્ઠ કાંઇ હોય જ નહીં, એટલે તારૂં શરણ જ સર્વશ્રેષ્ઠ છે.

### ગુરૂદેવ!

મારે આપના શરણમાં, આપના સાંનિધ્યમાં રહી ભક્તિ યોગ દ્વારા મારા આત્માને પૂર્ણ પણે વિકસિત કરવો છે.

મારા ગુરુદેવ મોક્ષમાં અને હું સંસારમાં !!! ના, ના ! ગુરુદેવ ! મારે થોડાં સુખ માટે મારા અનંત સુખ ને નથી ગુમાવવું. આ અર્પૂવ પ્રેમ ને પામ્યા પછી મારે સંસારના અલ્પ રાગમાં નથી ભટકવું.

સંસારના સંયોગો અને સંસારના સંબંધો તો અનંતીવાર મળ્યાં છે, અનંતીવાર ભોગવ્યા છે, પણ સુખ કે શાંતિ ક્યાં મળ્યાં છે ? ?

ગુરુદેવ ! મારે આત્મસંબંધ દ્વારા મોક્ષ ને પ્રાપ્ત કરવો છે. આ ભવે આપ મળ્યાં એની પાછળનો સંકેત, એની પાછળનું કારણ મને સ્પષ્ટ સમજાય છે, આપણે તો જન્મોજન્મના સાથી છીએ, તેના પરમાત્મા સાક્ષી છે.

કેમ મને બીજું કોઇ ન મળ્યું ? કેમ મને બીજા કોઇ માટે ભાવ ન જાગ્યા ? કેમ મને બીજા કોઇને મારૂં હૃદય સોંપવાનું મન ન થયું ? કેમ મને બીજા કોઇ પાસે આત્મ સમર્પણ કરવાનું મન ન થયું ?

દુનિયાના લાખો લોકોને મળ્યો પણ જે ફિલીંગ્સ તમારા માટે થઇ એવી કોઇના માટે થઇ નથી.

### હે ગુરૂદેવ!

મારે મારૂં તારી સાથેનું કનેક્શન સ્ટ્રોંગ કરવું છે, તારા જેવું બનવું છે, કેમકે,

**'પાત્રવાનની સાથે પાત્રવાન જ શોભે !**

**સંયમીની સાથે સંયમી જ શોભે ! જ્ઞાનીની સાથે જ્ઞાની જ શોભે,**

**સત્‌ગુરુની સાથે સત્પાત્ર જ શોભે, દીક્ષિતની સાથે દીક્ષિત જ શોભે'.**

## હે ગુરુદેવ!

મારે મારા આત્માને સત્પાત્ર બનાવવું છે, ગુરુદેવ! મને તારા લાયક બનવું છે... તારી સાથે શોભું એવું બનવું છે!!

ગુરુદેવ! મારા પર એવી કૃપા વરસાવો!!! એવી કૃપા વરસાવો!!!

## હે મારા પરમ પ્રિય!

યાદ આવે છે મને એ ક્ષણો જ્યારે આપણે મળ્યાં હતાં અને તે મને આત્મ બોધ આપ્યો હતો. મને આવકાર આપ્યો હતો. મને પોતાના બનાવવા પ્રેરણા કરી હતી. ગુરુદેવ! મને યાદ છે એ એક અક્ષર... ગુરુદેવ! તમારા અમૃત વચનો સતત મારા કર્ણપટે ગુંજે છે...

## હે આત્મન્!

**તું જાગૃત થા તું સત્ ચિત આનંદમય આત્મા છે.**

**તું આત્મા છે. આ શરીરથી અલગ છે.**

**આવ હે આત્મબાળ! આવ!**

**હું તને આ ભેદ સમજાવવા માટે આવ્યો છું...**

**તારા આત્માની ઓળખ કરાવવા આવ્યો છું.**

## હે આત્મન્ આવ!

એક ડીવાઇન પ્રેમનો અનુભવ કર... એક દેહાતીત, દેહથી મુક્ત, શરીરથી મુક્ત આત્માનો અનુભવ કર. પરમ સુખ અને પરમ શાંતિનો અનુભવ મારો આ જન્મ

માત્ર... મારી ઋણાનુંબંધવાળી વ્યક્તિઓ ને પણ આ માર્ગે લાવવા, એમના હિતમાં, એમના શ્રેયમાં, એમના કલ્યાણમાં નિમિત્ત બનવા માટે જ છે. એ નિમિત્ત ભાવે હું આવ્યો છું

## હે આત્મન્ !

જો તું મને બુધ્ધિથી ઓળખતો હોય તો તારો પ્રયત્ન વ્યર્થ  છે. તારી બુધ્ધિ જો મારા બહારના સ્વરૂપ ને જોતી હોય તો તારા પ્રયત્ન વ્યર્થ છે... એકવાર હૃદયથી જો... હું તો તને, તારા આત્માને જ્ઞાન, સમજ અને પરમના માર્ગે લઇ જવા આવ્યો છું.

મને તો મારો આત્મા, મારી અનુભૂતિ, મારૂં જ્ઞાન, મારી સમજ પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થયાં છે... પણ મારો આત્મા મને અંદરથી પ્રેરણા કરે છે... તું એકલો આ દિવ્ય અનુભૂતિ ન માણ... જગતમાં જેની જેની સાથે તારા ઋણાનુંબંધ છે... જેની જેની સાથે તારૂં જન્મોજન્મનું કનેક્શન છે, એને જાગૃત કર... હે આત્મન્ ! જાગૃત થા... શા માટે આ બોધ તારા હૃદય ને અનુભવ કરાવતો નથી ? એકવાર તું તારા આત્માને કહી દે... આ જ સત્ય છે. આ જ અનુભવ કરવા જેવો છે. જગતના પદાર્થો અને સુખ તો અનેકવાર ભોગવ્યા, એકવાર આત્માને અનુભવ... તારા આત્માને 'પરમ આત્મા' સાથે કનેક્ટ કરી દે... તારા 'ગુરુ'  તને લેવા આવ્યા છે, તું  આવ... !

## હે મારા આત્મબાળ !

પરમાત્માએ મને જે આપ્યું છે, તેનો અનુભવ પણ કર... આ પરમ જ્યોતિ, પરમ

આનંદ, આ પરમ અનુભૂતિ... આ પરમ સુખનો અહેસાસ તું પણ કર. આવ... ! તું તને જાણી લે... તું તને પામી લે. પરમ જ્ઞાન ને પામવા માટે, આત્મજ્ઞાન ને પ્રગટ કરવા માટે આવ... ! આટલાં વર્ષો તો સંસારના આકષર્ણમાં ગુમાવ્યાં. હવે એક ક્ષણ પણ ગુમાવીશ નહીં, તારા આત્માને સમજાવ.

**મને ખબર છે નાનકડું બાળક રમકડાં અને રત્નોના ભેદ ને સમજી ન શકે. અને રમકડાં અને રત્નો સરખાં જ લાગે. એમ તારા જેવા બાળ જીવોને પણ સંસાર અને સત્પુરુષનો ભેદ ન સમજાય... પણ હું તને સમજાવવા આવ્યો છું. આ ભેદ સમજવો ખૂબ જ જરૂરી છે...**

એક તરફ સંસાર અને સ્વજનો છે. એક તરફ આત્મા અને સત્ગુરુ છે.

અને સમય ખૂબ ઓછો છે...

મને તો મોક્ષમાં જવાની ઉતાવળ છે... હું કેટલાં વર્ષે આ શરીર ને... આ બોજ ને... આ હિંસા ને લઇને ફરૂં ? ? આ શરીર છે તો હિંસા છે... આ શરીર છે તો પાપ છે... મારે હવે પાપનો બોજ નથી જોઇતો... મારે તો આ બધાથી મુક્તિ જોઇએ છે. બસ ! આ પૃથ્વી પર હું બહુ જ થોડો સમય છું.

*હે આત્મન્ !*

આવ ! બહુ થોડો સમય બાકી છે... પછી તું પસ્તાઇશ... પછી તુ રડીશ... પછી તુ કહીશ કે મને અપૂર્વ યોગ ... ગોલ્ડન ચાન્સ મળ્યો હતો પણ મેં એને ગુમાવ્યો.

હે આત્મન્ !

તારા અને મારા ઋણાનુંબંધ છે, માટે જ તને વારંવાર કહું છું... જાગ... તું જાગૃત થા... આ અવસર છે તારા આત્માને પામવાનો... ! !

**હે ગુરુદેવ !**

આખી રાત આ જ શબ્દો કાનમા સતત ગુંજ્યા છે... અને ગુરુદેવ ! મને બધું જ સમજાય ગયું છે... તમે કહો છો તે જ સત્ય છે... ગુરુદેવ ! મારે હવે એ જ સત્યના માર્ગે... મારા ગુરુના માર્ગે... મોક્ષના માર્ગે જવું છે.

**હે ગુરુદેવ !**

આજે સંસારનો રાગ અને સંસારનો મોહ છોડી, આપના શરણમાં આવ્યો છું... મારૂં સર્વસ્વ, મારા સર્વસ્વના શરણમાં સોંપવા આવ્યો છું... મારૂં સર્વસ્વ સમર્પિત કરવા આવ્યો છું.

**ગુરુદેવ !**

**કરૂણા કરો... કૃપા કરો... સ્વીકાર કરો...**

Contact us at: +91 9860905678
write us at: connect@parasdham.org
Visit our website: www.parasdham.org
Whatsapp "Jai Jinendra" to: +91 7666266566
Subscribe to: www.youtube.com / ParasdhamTV
Follow us at: www.facebook.com / ParasdhamIndia
Hear Pujya Gurudev at: www.soundcloud.com / Parasdham



# રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ
# શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ...

વિઝન એ વિજનરી વ્યક્તિની ઈનર આર્ટ છે, તે વ્યક્તિ એ વિઝ્યુલાઈઝર કરી શકે છે, જે અન્ય માટે ઈનવિઝીબલ હોય.

રાષ્ટ્રસંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ...
સીકસ્થ સેન્સ અને થર્ડ આય દ્વારા એમના વિઝનરી વ્યક્તિત્વના કારણે જૈન સમાજ એવમ્ રાષ્ટ્રના હિત અને ઇત્કર્ષ અર્થે નાના બળકથી લઈ યંગસ્ટર્સ અને વડિલો માટે યુગ ઉપકારક મિશન્સનું સર્જન કરે છે જેનો લાભ આજે દેશ - વિદેશના હજારો બાળકો, યંગસ્ટર્સ અને વડીલો લે છે અને પોતાની લાઈફને શ્રેષ્ઠ બનાવે છે.